સુવિચાર
લાલન પાલનની જવાબદારી માતાની છે. ભરણપોષણની જવાબદારી પિતાની છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૧૧/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૭૯ આસો વદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૨૭૩

## સમગ્ર વિશ્વમાં આ પ્રકારનું ચિત્ર કયાંય જોવા નહી મળે

# ૬૦ ટકા જનસંખ્યા ૫ કિલો મફત અનાજ પર જીવન પસાર કરવા મજબૂર !

**એક તરફ વિશ્વગુરૂ હોવાનો દાવો અને બીજી તરફ કરૂણ વાસ્તવિકતા સામે આવી રહી છે**

**દેશમાં ગરીબી, બેરોજગારી અને મોંઘવારીનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે**

**મીડિયા જગત વાસ્તવિકતાને બદલે કાલ્પનિક દુનિયામાં જનતાને લઈ જતું જોવા મળે છે**

**દેશની ખરી પરિસ્થિતિ કયાં સુધી જનતા જનાર્દનથી છુપાવવામાં આવશે તે સમજી શકાતું નથી**






અમરેલી, તા. ૬

એક તરફ પાંચ ટ્રીલીયન ઈકોનોમીનાં દાવાઓ થઈ રહ્યા છે અને બીજી તરફ અમરેલી જિલ્લા સહિત દેશભરની અંદાજિત ૬૦ ટકા જનસંખ્યા એટલે કે ૮૧ કરોડથી વધુ દેશવાસીઓને આગામી પાંચ વર્ષ માટે વ્યકિતદીઠ પાંચ કિલો અનાજ મફતમાં આપવાની જાહેરાત પ્રધાનમંત્રીએ કરી છે.

પ્રધાનમંત્રીની જાહેરાત બાદ વિપક્ષી નેતાઓ સહિત સૌ કોઈમાં નવી ચર્ચા ઉભી થઈ છે કે દેશમાં ૧૩ કરોડ ગરીબોને ગરીબીમાંથી બહાર કાઢવામાં આવ્યા તો પછી મફત અનાજ આપવાની જનસંખ્યામાં કેમ ઘટાડો થતો નથી અને પ્રધાનમંત્રી હજુ આગામી પાંચ વર્ષ માટે મફત અનાજ આપવા તૈયાર હોય તો પછી ૮૦ કરોડથી વધુ જનસંખ્યાને ઈકોનોમી ડેવલપમેન્ટનો લાભ કેમ મળતો નથી.

દેશનું મીડિયા જગત પણ સત્તાધારી પક્ષની વાહવાહી કરવા પાછળ પાગલ બન્યું છે. દેશની વાસ્તવિકતા જે ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે તેને છુપાવીને દેશવાસીઓને આભાસી દુનિયામાં ફેરવતું જોવા મળી રહ્યું હોય. દેશમાં ગરીબી, બેરોજગારી, મોંઘવારી, શિક્ષણ અને આરોગ્યની કથળેલી હાલત જેવી સમસ્યા અંગે અહેવાલ પ્રસારિત કે પ્રસિધ્ધ કરવાથી દૂર રહીને મીડિયાનાં ધર્મને ભુલતું હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

## પોલીસ અધિક્ષકની સુચનાથી સીટી પોલીસની કામગીરી

# અમરેલીનાં પ્રમુખ સ્વામીનગર વિસ્તારમાંથી વિદેશી દારૂની ૧૦ બોટલ સાથે આરોપીની અટકાયત

**આરોપી રમેશભાઈ મારકણા વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૬

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહે જીલ્લામાંથી દારૂનીબદી સદંતર દુર કરવાં પ્રોહીબીશન લગત પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડો કરી કડક કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી



પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાના સીધા માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા દિવાળી તહેવાર પુર્વે તકેદારી પેટ્રોલીંગ દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે અમરેલીના ધરમનગર, પ્રમુખ સ્વામીનગર

અનુસંધાન પાના ૬ ઉપર

## છના બીજલ પાટડિયા વિરૂધ્ધ નોંધાઈ ફરિયાદ

# સાવરકુંડલામાં રહેતી ૧૭ વર્ષની સગીરા સાથે એક પરિણીત ઢગાએ કર્યુ દુષ્કર્મ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ**

સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલનાં જેસર રોડ પર રહેતી ૧૭ વર્ષની સગીરાને નવરાત્રિમાં ઓળખાણ સબંધે એક પરિણીત ઢગાએ દુષ્કર્મ કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પોલીસમાંથી મળતી માહિતી મુજબ જેસર રોડ પર રહેતી ૧૭ વર્ષની સગીરા સાથે

અનુસંધાન પાના ૬ ઉપર

## રાનીપશુઓનાં હિંસક હુમલાથી ખેડૂતો અને શ્રમિક મોતને ભેટતા હોય

# અમરેલી જિલ્લામાં માનવ વસાહતમાં આંટાફેરા અને વસવાટ કરતાં રાનીપશુઓને જંગલ વિસ્તારમાં મૂકી દો

**ભાજપ કિસાન મોરચાનાં પ્રદેશ મહામંત્રી હિરેન હિરપરાની માંગ**

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લા સહિત અનેક જિલ્લાઓમાં હિંસક દીપડાઓના ખેડૂતો અને ખેતમજુરો ઉપર હુમલાથી મોતને ભેટી રહયા છે. આ ઘટનાઓ દુ:ખદ ઘટનાઓ છે. ઉપરાંત આવી ઘટનાઓથી ખેતીને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે, ગીરના જંગલને અડીને આવેલા અમરેલી, જુનાગઢ,ગીર સોમનાથ જિલ્લાઓમાં દીપડા ઉપરાંત સિંહના હિંસક હુમલાઓના સતત બનાવો બનતા રહે છે. ગીરનું જંગલ છોડીને હિંસક પ્રાણીઓ આજુબાજુના જિલ્લાઓમાં વસવાટ કરતા જાય છે. ત્યારે આવા હિંસક પ્રાણીઓ સિંહ, દીપડાઓને રેવન્યુ વિસ્તામાંથી પકડીને ગીરના જંગલમાં મુકવા રજુઆત કરવામાં આવી છે. ભૂતકાળમાં ગીરના જંગલમાં માલધારીઓના નેસડાઓ અને વસવાટ હતા, ત્યાં સુધી સિંહ રેવન્યુ વિસ્તારમાં ઓછા હતા. વન વિભાગની અણઘડ નીતિઓના હિસાબે માલધારીઓને જંગલ બહાર કાઢતા સિંહ, દીપડાઓ પણ રેવન્યુ વિસ્તારમાં આવી ગયા છે. ત્યારે ગીરના જંગલના



ફરી માલધારીઓના વસવાટ અને તેને પ્રાથમિક સુવિધાઓ આપવા કિસાન મોરચા ગુજરાત ભા.જ.પ.ના મહામંત્રી હિરેન હિરપરાએ રજુઆત કરી છે.

જે વિસ્તારમાં ભૂંડ અને રોઝનો ત્રાસ છે, તેવા વિસ્તારોમાં ખેડૂતોને દિવસે વિજળી આપવાથી સમસ્યાનું સમાધાન નથી, ખેડૂતો અને ખેત મજુરોએ રાત ઉજાગરા કરીને

અનુસંધાન પાના ૬ ઉપર




WE ARE HIRING
જોઈએ છે શિક્ષકો...
સ્વ. અમરતબા એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત
વી.એલ. ગેલાણી વિદ્યાસંકુલ - બાબરા

| ક્રમ | વિગત | લાયકાત | વિષય | જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક વિભાગ | P.T.C. અથવા પ્રાથમિક વિભાગમાં ભણાવી શકે તેવા શિક્ષકો | ગુજરાતી / હિન્દી / સંસ્કૃત | ૨ |
| ૨ | માધ્યમિક વિભાગ | B.ed અથવા માધ્યમિક વિભાગમાં ભણાવી શકે તેવા શિક્ષકો | ગુજરાતી / સ.વિ. / અંગ્રેજી | ૨ |
| ૩ | ઉચ્ચતર માધ્યમિક વિભાગ | B.ed અથવા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ભણાવી શકે તેવા શિક્ષકો | ગુજરાતી / અંગ્રેજી | ૧ |

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિવસ-૫ (પાંચ)માં પોતાની સ્વહસ્તાક્ષર અરજી સાથે નીચેના સરનામે રૂબરૂ મળવું.
મળવાનો સમય : સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ સુધી
વી.એલ. ગેલાણી વિદ્યાસંકુલ - બાબરા
જીવનપરા, બસ સ્ટેન્ડ સામે, મુ. બાબરા, જી. અમરેલી.મો.9879863817



### ખેડૂતોની અવારનવારની રજૂઆતને મળી સફળતા

# આનંદો : બાબરાનાં દરેડ, ખાખરીયા, માધુપુર, જીવાપર સહિતનાં ખેડૂતોને પિયત માટે પાણી મળશે

## જિલ્લા ભાજપનાં અગ્રણી નીતિન રાઠોડે કેનાલની સફાઈ હાથ ધરી

બાબરા, તા. ૬

બાબરા તાલુકાના કરીયાણાં ગામે આવેલ કેનાલની સફાઈ કરી પાણી છોડવા માટે સ્થાનિક ખેડૂતો દ્વારા સતત રજુઆત કરવામાં આવતી હતી. ત્યારે આ વિસ્તારના જિલ્લા પંચાયતના સભ્ય દ્વારા કરીયાણાં ગામે આવેલ આ કેનાલની સાફ સફાઈ કરવાની ત્વરિત સિંચાઈ વિભાગના અધિકારીઓને સૂચના આપી પાણી છોડવાનું કહેવામાં આવતા આજે કરીયાણાં ગામે જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડના વરદ હસ્તે કેનાલ સાફ કરવાનું શુભ આરંભ કરવામાં આવ્યું હતું. આ તકે સિંચાય વિભાગના અધિકારીઓ તેમજ દરેડના પૂર્વ સરપંચ વનરાજભાઈ વાળા, સ્થાનિક અગ્રણીઓ, સરપંચ તેમજ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા પંચાયતના સભ્ય દ્વારા જણાવ્યું હતું કે, કેનાલ સાફ કરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા




રવિ પાક માટે પિયતમાં પાણી છોડવા માટે ખેડૂતોની સતત રજુઆત મળતા સિંચાય વિભાગના અધિકારીઓની ઉપસ્થિતમાં કેનાલ સાફ સફાઈ હાથ ધરવામાં આવી છે અને ત્યારબાદ કરીયાણાં જુના ડેમમાંથી અહીં કેનાલમાંથી પાણી છોડવામાં આવશે જેથી આસપાસના પાંચ જેટલા ગામોને રવિ પાક માટે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહેશે.

### સ્વર્ગસ્થ ગોપાલ ગોહેલ (દરજી)ના સ્મરણાર્થે આયોજન

# બાબરાના ચમારડી ખાતે જનતા વિદ્યાલયમાં આગામી ૧૬ અને ૧૭ નવેમ્બરના રોજ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે

## સ્મિત જોષી અને વિશ્વાસ ગોહેલ દ્વારા તડામાર તૈયારીઓ

બાબરા, તા. ૬

બાબરા તાલુકાના ચમારડી ગામે જનતા વિદ્યાલય ખાતે આગામી તા.૧૬/૧૭ નવેમ્બરના રોજ દિવસના ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ચમારડી ગામના યુવાન સ્વર્ગસ્થ ગોપાલ ગોહેલ (દરજી)ના સ્મરણાર્થે આયોજિત આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગામની આઠ જેટલી ટિમો દ્વારા ભાગ લેવામાં આવ્યો છે.

સ્વર્ગસ્થ ગોપાલ ગોહેલના સ્મરણાર્થે અને તેની પાવન સ્મૃતિમાં તેમના પરમ મિત્ર સ્મિત જોષી તેમજ તેમના પુત્ર વિશ્વાસ ગોહેલ દ્વારા સમગ્ર ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૬/૧૧/૨૩ના રોજ ક્રિકેટ મેચનું પ્રારંભ થશે અને



તા.૧૭/૧૧/૨૩ના રોજ ફાઈનલ મેચ રમાડવામાં આવશે. ચમારડી સહિત આસપાસના લોકોને મેચ નિહાળવા અને ખેલાડીઓનો ઉત્સાહ વધારવા આયોજકો દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### કરિયાણા ગામેથી મહિલા મળી આવી હતી

# બાબરા : અસ્થિર મગજની મહિલાનું તેના પરિવાર સાથે પોલીસે મિલન કરાવ્યું

## સોશ્યલ મીડિયાનાં માધ્યમથી પરિવારજનોનો સંપર્ક થયો

અમરેલી, તા. ૬

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના મુજબ તથા નાયબ પોલીસ અધિક્ષક જે.પી. ભંડારીની સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ કે કોઈપણ બનાવ અંગે તાત્કાલીક કાર્યવાહી કરવા તેમજ ત્વરિત સહયોગ આપવા જણાવેલ હોય. જે અન્વયે પો.ઈન્સ આર.એચ. રતનની સુચના અને માર્ગદર્શન નીચે બાબરા પોલીસ સ્ટેશનના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન કરીયાણા ગામેથી એક અસ્થીર મગજની મહિલા રખડતી ભટકતી હોય તે મહિલાને પોલીસ સ્ટેશને લાવી મહિલા પોલીસ મારફતે કાઉન્સલીંગ કરાવી જરૂરી પુછપરછ કરતા તે પોતાના નામ, સરનામા બાબતે યોગ્ય જવાબ આપી શકેલ ન હોય પરંતુ તે જે શબ્દોનો ઉચ્ચારણ કરતી તે સુરેન્દ્રનગર જીલ્લામાં ઉચ્ચારણ થતી બોલી બોલતી હોય જેથી



ઈન્સએ સાયલા અને ચોટીલા તાલુકાના હરણીયા, ધજાળા, સામતપરા, ગઢેચી જેવા ગામોના સરપંચોના નંબર સોર્શ મારફત મેળવી તેઓને આ મહિલા બાબતે પુછપરછ કરી વોટસએપ ગૃપમાં ફોટા મુકી સરપંચોના ગૃપમાં તથા અન્ય ગૃપોમાં આ ફોટા નાખવા જણાવી જેથી સોશ્યલ મીડીયા મારફતે તેના પરિવારના સભ્યોનો સંપર્ક થઈ જતા તેઓને બોલાવી પુછપરછ કરતા આ ગયુબેન સોમાભાઈ દેવીપુજક દશેરાના દિવસે ઘરેથી નીકળી ગયેલ હોય અને પરિવારના સભ્યો સતત તેને શોધવા પ્રયત્નો કરતા હતા અને વૃધ્ધા મળી જતા તેઓ દ્વારા ખુબજ આનંદ વ્યકત કરેલ અને પોલીસનો આભાર માનેલ. આમ અસ્થીર મગજની મહિલાનું તેના પરિવાર સાથે મિલન કરાવી માનવતાનુ તેમજ પોલીસ ફરજનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડેલ છે.

### સ્થાનિક આગેવાનોની ઉપસ્થિતિમાં

# અમરેલીમાં રોટરી કલબ ઓફ ગીર દ્વારા રાહતદરે ફટાકડાનું વિતરણ શરૂ

## બહેરા-મુંગા શાળા અને સેન્ટર હોમનાં બાળકોને વિનામૂલ્યે વિતરણ

અમરેલી, તા. ૬

સમાજની વચ્ચે રહી અને સમાજને સાથે રાખી અમરેલી જિલ્લાની સેવાકીય પ્રવુતિ કરતી વર્ષો જુની સંસ્થા એટલે વેપારી મહામંડળ અમરેલી તથા રોટરી કલબ ઓફ અમરેલી ગીર દ્વારા વ્યાજબી ભાવે પ્રીમિયમ કવોલીટીના ફટાકડાનો ફટાકડા મોલનું આયોજન અમરેલી શહેરના રેડકોર્નર સિનેમા પાસે કરવામાં આવેલ છે.ફટાકડા મોલમાંથી બહેરા મૂંગા સ્કૂલના તમામ બાળકો તથા અમરેલી જિલ્લાના સેન્ટર હોમના તમામ બાળકોને વિનામૂલ્યે ફટાકડા કીટનું વિતરણ કરવામાં આવેલ હતું આ કાર્યક્રમમાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા તેમજ અમર ડેરીના વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, આપણા સાંસદ નારણભાઈ કાછડીયા નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, અમરેલી માર્કેટીંગ યાર્ડના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, અમરેલી માર્કેટીંગ યાર્ડના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, અમરેલી ફાયર સેફટી ઓફિસર ગઢવી, ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, અમરેલી નગરપાલિકાના કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા, અમરેલી નગરપાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, અમરેલી નગરપાલિકાના દંડક





દિલાભાઈ વાળા વગેરે ખાસ ઉપસ્થિત રહી અને કાર્યક્રમની શોભા વધારી હતી તે બદલ બંને સંસ્થા આ દરેક મહાનુભાવોનો આભાર વ્યક્ત કરતા હર્ષની લાગણી અનુભવે છે સાથો સાથ અમરેલીની જનતાને અપીલ કરે છે કે આ ફટાકડા મોલમાંથી ફટાકડાની ખરીદી કરી સેવાકીય પ્રવૃત્તિમા આપ શહેરીજનો પણ પોતાનું યોગદાન નોંધાવશો.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


# મીતીયાળા અભિયારણ્ય નજીક વિશાળ અજગર જોવા મળ્યો



ખાંભા, તા.૬, મીતિયાલા અભ્યારણ નજીક આવેલ ખાંભાની હડીયો નદીને ધાતરવડી નદીની વચમાં આવેલ ખાંભાનાં જુના ગામમાં બાપા સીતારામના ઓટા પાસે સવારમાં વિશાલ અજગર જોવા મળતા જાગૃત નાગરિક ગિરીશભાઈ બાબરીયા એ લાયન નેચર ફાઉન્ડેશનને જાણ કરતા તેઓએ વન વિભાગનો સંપર્ક કરવાનું જણાવતા વન વિભાગના આરએફઓ રાજલબેનને જાણ કરતા વન વિભાગનો સ્ટાફ તાત્કાલિક સ્થળ ઉપર આવી અજગરનું રેસ્કયુ કરી જંગલમાં છોડી દેવામાં આવેલ.

# બાબરા ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા


બાબરા, તા. ૬

આગામી દિવાળી તહેવાર અંતર્ગત બાબરા પોલીસ સ્ટેશન ખાતે ઈન્ચાર્જ પી.આઈ.આર.એચ.રતન ના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની મીટીંગ રાખેલ જેમાં બાબરા વિસ્તારના હિન્દુ – મુસ્લિમ આગેવાનઓ તથા વેપારી તથા પક્ષના અન્ય આગેવાનોએ હાજરી આપેલ જેમાં દિવાળીના તહેવાર અંતર્ગત શાંતિ સલામતી અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા જરૂરી સુચનાઓ આપવામાં આવેલ તેમજ આગેવાનઓએ પૂરતો સહકાર આપવા ખાત્રી આપેલ.

### લીલીયા મોટા નજીક આવેલ

# નાના લીલીયા નજીક નીલ ગાય સાથે બાઈકનો અકસ્માત થતાં વેપારી ઈજાગ્રસ્ત

## ૧૦૮ની ટીમે ઈજાગ્રસ્ત વેપારીનો પાંચ લાખનાં દાગીના પરત કર્યા



લીલીયા મોટા, તા.૬

લીલીયા તાલુકાના નાના લીલીયા નજીક કાળુભાઈ સોની રહે.ગારીયાધાર જેવો અમરેલી તરફ આવતા હતા તે દરમિયાન નાના લીલીયા અને પૂજાપાદર વચ્ચે (નીલગાય) આવી ચડતા પોતાના ટુ વ્હીલરનું કાબુ ગુમાવતા અકસ્માત થયેલ હોય અને કાળુભાઈ સોનીનો વ્યવસાય કરતા હોવાથી અમરેલી જઈ રહ્યા હતા ત્યારે નાના લીલિયા ગામ પાસે તેમની બાઈકમાં અચાનક રોજ (નીલગાય) આવી જતા અકસ્માત નડયો હતો તે બાબતની જાણ ભરતભાઈ દાદુકીયા રે.પૂજાપાદર તેમજ આશીફભાઈ જુણેજા નાના લીલીયાવાળાને થતા ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્ત થયેલા બાઈક ચાલકના સોના દાગીના કિંમત રૂા.પાંચ લાખ તેમજ રોકડ રકમ ૧૦ હજાર મોબાઈલ ભરતભાઈ અને આસીફભાઈએ કબજે લઈને ગામ વાસીઓને સાથે રાખી કાળુંભાઈના માથાના ભાગે ગંભીર ઈજા થતાં તાત્કાલિક ૧૦૮ને જાણ કરાઈ હોય ત્યારે ૧૦૮ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને સારવાર ચાલુ કરવામાં આવી હોય ત્યારે ૧૦૮ના કર્મચારી ઈએમટી ચેતનભાઈ કાવઠીયા અને પાઈલોટ શૈલેષભાઈ ખોરસીયાએ તાત્કાલિક સારવાર અર્થે અમરેલી ખસેડેલ જયાં ભરતભાઈ દાદુકીયા અને ટીમ ૧૦૮ દ્વારા કાળુભાઈના સગા ગણેશભાઈ જાદવને એ દાગીના અને રોકડ પરત આપી ટીમ ૧૦૮ તેમજ ભરતભાઈ દ્વારા માનવતા અને પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પરૂં પાડયું હતું તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમરેલી માહિતી પરિવાર દ્વારા જિલ્લા માહિતી કચેરીમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી









સ્વચ્છ ભારત અભિયાન અન્વયે અમરેલી જિલ્લા માહિતી કચેરી ખાતે માહિતી પરિવારનાં સભ્યઓ દ્વારા કચેરીમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પૂ.બાપુનાં સ્વચ્છ ભારતનાં સ્વપ્નને સાકાર કરવા દરેક નાગરિકે પોતાનું કર્તવ્ય પૂર્ણ કરી રાષ્ટ્ર પ્રત્યેની તેમની ફરજ અદા કરવી જોઈએ. નિરોગી જીવનશૈલી માટે સ્વચ્છતા, સુઘડતાનું મહત્વ છે. કચેરીમાં સફાઈ થાય, કચરો કચરાપેટીમાં રાખીએ અને તેનો યોગ્ય રીતે નિકાલ થાય, કચેરીમાં વધુમા વધુ સુઘડતા રહે અને કચેરીમાં આ પ્રકારે સ્વચ્છતા માટે નિયમિતતા રહે તે માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો. સ્વચ્છતા તે જસેવા મહા અભિયાનમાં વધુમાં વધુ નાગરિકો જોડાય અને સ્વચ્છતાલક્ષી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે તે માટે વિશેષ પ્રયાસોને બદલે સ્વંય જાગૃત બનીએ.

## જે ધરતી પર જન્મ્યા, મોટા થયા, આર્થિક કે રાજકીય રીતે મજબૂત થયા બાદ

# અમરેલી જિલ્લાનાં વતનીઓને GJ-14 પાસિંગ સામે શું વાંધો છે ?

**અનકે આગેવાનો પોતાની કારમાં GJ-18 નંબર પાસિંગ કરાવતાં જોવા મળી રહ્યા છે**

**એક તરફ સ્વદેશી અને સ્થાનિક વેપારી પાસેથી માલ-સામાન ખરીદવાનો આગ્રહ રાખનારને સ્થાનિક જિલ્લાનું વાહન પાસિંગ પસંદ નથી**

**આમ આદમીમાં રૂઆબ વધારવા માટે કે અન્ય કારણોસર GJ-14નું પાસિંગ ગમતું નથી તે સમજાતું નથી**

**માતૃભૂમિ અને કર્મભૂમિને અતિ પવિત્ર માનવામાં આવી રહી હોય તો પછી અમરેલીનાં પાસિંગ નંબર સામે શું વાંધો હોય શકે**

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાનાં અનેક સક્ષમ આગેવાનોને પોતાની આલીશાન કારમાં જીજે-૧૪નું પાસિંગ પસંદ નથી અને તેઓ રાજકીય ક્ષેત્રે કે બ્યુરોટ્ર્ડસની દુનિયામાં નામના ધરાવતાં હોવાનાં અભિમાન સાથે પોતાની કારમાં ગાંધીનગર જિલ્લાનાં જીજે-૧૮નો દુરાગ્રહ રાખતા જોવા મળી રહ્યા છે.

જે ધરતિ પર જન્મ્યા, મોટા થયા, જયાંથી નામના મેળવી તે જિલ્લાનાં સરકારે ફાળવેલ આરટીઓનાં જીજે-૧૪ સીરીઝ સામે શું કામ છે તે સમજાતું નથી.

એક તરફ સ્વદેશીની બોલબાલા, વતન પ્રેમની ગુલબાંગો, સ્થાનિક વેપારીને પ્રોત્સાહન આપવાની સલાહ આપનારને સ્થાનિક આરટીઓનો પાસિંગ નંબર પસંદ આવતો નથી તે બાબતે જિલ્લાની જનતામાં પણ નવી ચર્ચા ઉભી થઈ છે.

---

### જલારામ ધુન મંડળ દ્વારા સુંદર આયોજન

## અમરેલી ખાતે પૂ. જલારામ બાપાની જન્મજયંતિ નિમિત્તે અન્નકુટ દર્શન યોજાશે

**લીલીયા રોડ પર જલારામ મંદિર ખાતે ૨૨૪ કિલો લાડુ ધરાશે**



અમરેલી, તા. ૬

આગામી તા.૧૯/૧૧/૨૩ કારતક સુદ સાતમને રવીવારના રોજ પરમ પૂજય સંત શિરોમણી શ્રી જલારામબાપાની ૨૨૪મી જન્મજયંતિ નિમિતે જલારામ ધૂન મંડળ પરિવાર અમરેલી દ્વારા અત્રેના લીલીયા રોડ પર આવેલ જલારામ મંદિર ખાતે ૨૨૪ કિલો લાડુના અન્નકૂટનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

જલારામ ધૂન મંડળ દ્વારા સ્થાપના વર્ષ ૧૯૯૯થી અવિરત ધૂન તેમજ જલારામ જયંતિના અવસરે અવનવા અન્નકૂટના આયોજન કરવામાં આવે છે. જેમાં દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ૨૨૪ કિલો લાડુના અન્નકૂટનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે ત્યારે પૂજય બાપાના તમામ ભકતો અન્નકૂટ ધરાવવાનો લાભ લઈ શકે તે માટે નું વ્યવસ્થિત આયોજન પણ કરવામાં આવ્યું છે તેમજ જે ભાવિકોએ લાડુની સેવા નોંધાવેલ છે તે તમામ ભાવિક ભકતજનોને સંધ્યા આરતી બાદ પૂ.બાપાની પ્રસાદી તેમના સુધી પહોંચાડવામાં માટેનું પણ આયોજન કરવામાં આવેલ છે.

વધુ વિગત મેળવવા માટે તેમજ લાડુની સેવા નોંધાવવા માટે ભરતભાઈ ખંધેડિયા, ૯૪૨૮૭ ૯૬૨૦૮, હિરેન માધાણી, ૯૯૨૪૫ ૨૧૯૪૦, રાકેશ સોમૈયા, ૯૮૨૪૯ ૭૨૭૨૫, દર્શન ખખ્ખર, ૯૪૨૮૭ ૯૪૯૪૨, વિજય તન્ના, ૭૮૭૮૩ ૩૯૩૯૯, પરેશ ખખ્ખર, ૯૪૨૮૭ ૧૧૫૬૭ જીજ્ઞેશ પોપટ, ૭૦૧૬૯ ૬૯૩૪૯ ઉપર સંપર્ક કરવા જલારામ ધૂન મંડળની એક યાદીમાં જણાવાયું છે

---

### શ્રી રામપરા રામજી મંદિર પરિવારનાં માર્ગદર્શનતળે તડામાર તૈયારીઓ

## અમરેલીનાં જેશીંગપરામાં આગામી ૧૫ નવેમ્બરથી ૧૭ નવેમ્બર સુધી ત્રિદિવસીય પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ


**મહોત્સવનાં અંતિમ દિવસે નિલકંઠ ફાર્મ ખાતે ભોજન પ્રસાદ કાર્યક્રમ**


અમરેલી, તા. ૬

અમરેલીનાં જેશીંગપરા ખાતે શ્રી રામપરા રામજી મંદિરનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આગામી ૧૫ નવેમ્બર થી ૧૭ નવેમ્બર સુધી યોજાશે. જેમાં આચાર્ય ધ્વારા શાસ્ત્રોકત વિધિથી પ્રતિષ્ઠા કરાવાશે તેમજ શાસ્ત્રી આનંદ સ્વરૂપ સ્વામી ધ્વારા શ્રી રામચંદ્રજી ભગવાનનાં દિવ્ય ચરિત્રોનું રસપાન કરાવાશે.

કાર્યક્રમનાં પ્રથમ દિવસે સવારે ૭-૩૦ કલાકે હેમાંદ્રી શ્રવણ, જલયાત્રા, કુટીર હોમ જલાધીવાસ સહિતનાં કાર્યક્રમો યોજાશે. દ્વિતિય દિવસે શ્રી ગણેશ તથા અન્ય આવાહિત દેવતા સ્થાપીત પૂજન, હોમાત્મક યજ્ઞ સહિતનાં કાર્યક્રમો અને તૃતિય દિવસે મહાભિષેક, પ્રાણ પ્રતિષ્ઠા, મહાઆરતી અને સાંજે નિલકંઠ ફાર્મ ખાતે ભોજન પ્રસાદ યોજાશે અને રાત્રિનાં પૂજા ચૌહાણ, લાલો માલવીયા, કેવીન પટેલ, મીરાબેન યાદવ અને ઘનશ્યામભાઈ કળથીયા ધ્વારા લોકડાયરો યોજાશે.

આ ધાર્મિક પ્રસંગે ભકતજનોને ઉપસ્થિત રહેવા માટે આયોજક ટીમ ધ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.



































### આપના ધારાસભ્ય સામે ઈડીની મોટી કાર્યવાહી

# ૪૦ કરોડની છેતરપિંડીના કેસમાં જસવંતસિંહ ગજ્જનની અટકાયત

### અગાઉ ઈડીએ સપ્ટેમ્બર મહિનામાં જસવંત સિંહ ગજ્જન માજરાના નિવાસસ્થાને દરોડો પાડ્યો હતો

જાલંધર, તા.૬

પંજાબમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય જસવંત સિંહ ગજ્જન માજરા સામે મોટી કાર્યવાહી કરવાની ઘટના સામે આવી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગજ્જનની અટકાયત કરી છે.

ઈડીએ બેંક સાથે કરોડોની છેતરપિંડીના જૂના કેસમાં આ કાર્યવાહી કરી છે. મળતા અહેવાલો મુજબ ઈડીએ છેતરપિંડી મામલે પૂછપરછ કરવા જસવંત સિંહની અટકાયત કરી છે. ઈડીની ટીમે જસવંત સિંહને હાલ જાલંધર લઈને પહોંચી છે, જ્યાં તેમની પૂછપરછ કરવામાં આવશે. ગજ્જન આજે મલેરકોટલા પાસે એક બેઠકમાં હતા, તે દરમિયાન ઈડીએ અટકાયત કરી છે. મળતા અહેવાલો મુજબ ગજ્જને બેંક સાથે કથિત ૪૦ કરોડની છેતરપિંડી કરી હોવાના જૂના કેસમાં ઈડીએ આ કાર્યવાહી કરી છે. ઈડી અગાઉ પણ ઘણીવાર તપાસ કરી ચુકી છે.

અગાઉ ઈડીએ સપ્ટેમ્બર મહિનામાં જસવંત સિંહ ગજ્જન માજરાના નિવાસસ્થાને દરોડો પાડ્યો હતો. ઈડીના અધિકારીઓએ લગભગ ૧૪ કલાક સુધી દરોડાની કાર્યવાહી કરી હતી. તે દરમિયાન માજરાએ જણાવ્યું હતું કે, ઈડીની ટીમ તેમના નિવાસસ્થાનેથી ૩૨ લાખ રોકડ અને ૩ મોબાઈલ ફોન સાથે લઈ ગઈ છે.

### રાહુલ ગાંધીનો અલગ અંદાજ જોવા મળ્યો

# રાહુલ ગાંધીએ કેદારનાથ ધામમાં ભક્તોને પીવડાવી ચા

### કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું હેલિપેડ પર તીર્થ પુરોહિત સમુદાય દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું

નવી દિલ્હી, તા.૬

કૉંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ દેહરાદૂનના કેદારનાથ મંદિરની મુલાકાત લીધી હતી અને ભક્તોને ચા પીરસી હતી, જેનો એક વીડિયો પણ સામે આવ્યો છે. રાહુલ ગાંધીએ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું હતું અને તેમના વાયદા પૂરા ન કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ભાજપ જંગલ વિસ્તારોમાં રહેતા આદિવાસી વસ્તી માટે 'આદિવાસી'ને બદલે 'વનવાસી'નો ઉપયોગ કરે છે.

નોંધનીય છે કે, કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી બપોરે કેદારનાથ પહોંચ્યા હતા. રાહુલ ગાંધી VIP હેલિપેડ પર જવાને બદલે સામાન્ય મુસાફરો માટે હેલિપેડ પર પહોંચ્યા હતા. અહીંથી તે લગભગ અડધો કિલોમીટર ચાલીને મંદિર સુધી ગયા હતા.

બહારથી મંદિરના દર્શન કર્યા બાદ તેમણે મંદિરની પ્રદક્ષિણા કરી અને સીધા હોટેલ ગયા. કહેવામાં આવી રહ્યું છે કે તેઓ એક દિવસ પણ ધામમાં રોકાશે અને મંગળવારે પરત જશે.

આ દરમિયાન કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું હેલિપેડ પર તીર્થ પુરોહિત સમુદાય દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. રાહુલ ગાંધી બપોરે ૧ વાગ્યાની આસપાસ હેલિપેડ પહોંચ્યા હતા. અહીંથી કેટલાક લોકો સાથે વાત કર્યા બાદ તે સીધો મંદિર પહોંચી ગયો.

બહારથી મંદિરના દર્શન કર્યા બાદ તેઓ હોટેલમાં ગયા હતા. આ દરમિયાન મંદિરમાં આવતા સમયે અન્ય લોકો મંદિર પહોંચ્યા પરંતુ જ્યારે કતારમાં ઉભેલા ભક્તોએ રાહુલ ગાંધીને જોયા તો તેઓએ મોદી અને જય શ્રી રામના નારા લગાવ્યા. રાહુલ ગાંધી બપોરે ૧૨.૩૦ કલાકે એક વિશેષ ચાર્ટર પ્લેન દ્વારા દેહરાદૂનના જોલી ગ્રાન્ટ એરપોર્ટ પર ઉતર્યા, જ્યાંથી તેઓ હેલિકોપ્ટર દ્વારા સીધા કેદારનાથ જવા રવાના થયા.

આ દરમિયાન તીર્થ પુરોહિત સમુદાયે તેમનું કેદારનાથ ધામમાં સ્વાગત કર્યું હતું. હાલમાં કૉંગ્રેસે રાહુલ ગાંધીની કેદારનાથની મુલાકાતને અંગત અને આધ્યાત્મિક ગણાવી છે અને અપીલ કરી છે કે કોઈપણ કાર્યકર્તા તેમને મળવા ન જોઈએ.

### દિલ્હી-એનસીઆર સહિત સમગ્ર ઉ. ભારતમાં ભૂકંપ

# દિલ્હીથી લખનઉ સુધી ૫.૬ની તીવ્રતાના આંચકાથી ભય

### ભૂકંપની તીવ્રતા ૫.૬ નોંધાઈ અને કેન્દ્રબિંદુ નેપાળ પાસે નોંધાયું, ત્રણ દિવસમાં બીજી વખત ભૂકંપના આંચકા

નવી દિલ્હી, તા.૬

દિલ્હી-એનસીઆરસહિત સમગ્ર ઉત્તર ભારતમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. દિલ્હીથી લખનઉ સુધી ભૂકંપના આંચકાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો અને ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.

ભૂકંપની તીવ્રતા ૫.૬ નોંધાઈ અને કેન્દ્રબિંદુ નેપાળ પાસે નોંધાયું છે.

ત્રણ દિવસમાં બીજી વખત ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ પહેલા નેપાળમાં શુક્રવારે રાત્રે આવેલા જોરદાર ભૂકંપના કારણે ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

પૃથ્વીની અંદર કુલ સાત પ્લેટ છે. જે હંમેશા કાર્ય કરતી રહે છે. જ્યાં આ પ્લેટ્સ એકબીજા સાથે અથડાઈ છે તેને ફોલ્ટ ઝોન કહેવામાં આવે છે.

જ્યારે આ પ્લેટો અથડાય છે, ત્યારે ઊર્જા બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. આ પ્લેટની હિલચાલ ભૂકંપ બની જાય છે. ભૂકંપનું કેન્દ્ર સપાટીથી જેટલું નજીક હોય તેટલી વધુ તબાહી સર્જાતી હોય છે.

જો ભૂકંપની તીવ્રતા ૦ થી ૧.૯ રિક્ટર હોય તો તેનો અનુભવ થતો નથી. તેની જાણકારી સિસ્મોગ્રાફ દ્વારા મેળવવામાં આવે છે. બીજી તરફ ૨ થી ૨.૯ રિક્ટર પર હળવી ધ્રુજારી અનુભવાય છે. આ સિવાય તેની તીવ્રતા જો ૩ થી ૩.૯ હોય તો થોડા વધારે આંચકા અનુભવાય છે. આ ઉપરાંત ૪ થી ૪.૯ રિક્ટર હોય તો બારીઓ તૂટી શકે છે જ્યારે ૫ થી ૫.૯ રિક્ટર પર સામાન અને પંખા હલવા લાગે છે.

જ્યારે ભૂકંપની તીવ્રતા ૬ થી ૬.૯ હોય ત્યારે ઘરના પાયામાં તિરાડો પડી શકે છે અને જ્યારે તેની તીવ્રતા ૭ થી ૭.૯ સુધી પહોંચે છે ત્યારે મકાનો પડી જાય છે અને ઘણો વિનાશ થઈ શકે છે. અને જો ૮ થી ૮.૯ની તીવ્રતાનો ભૂકંપ આવે તો સુનામીનો ભય પણ રહે છે. જો ભૂકંપની તીવ્રતા ૯ હોય તો ત્યારે પૃથ્વી હલતી હોય તેવી નજર આવે છે.

### ખેડુતોની દિવાળી સુધરી

# સૌરાષ્ટ્રના યાર્ડમાં મગફળીના ભાવ સારા મળતા ખેડૂતો ખુશ

અમરેલી, તા.૬

અમરેલી સહીત સૌરાષ્ટ્રમાં મોટાભાગના ખેડૂતોએ મગફળીનું વાવેતર કર્યું છે. આ વર્ષે મગફળીનું ઉત્પાદન પણ મબલક થયું છે અને માર્કેટિંગ યાર્ડમાં હવે નવી મગફળીની આવક શરૂ થઈ ગઈ છે. મગફળીના ભાવ હાલ તૂટતા હોવાનું જણાઈ રહ્યું છે. સ્થાનિક વેપારીઓ જણાવ્યું કે, મગફળીની જંગી આવક વચ્ચે સિંગદાણાની ડિમાન્ડ ઓછી છે અને ભાવમાં ૨૦ રૂપિયાથી ૩૦ રૂપિયા સુધી નીચો જઈ રહ્યો છે અને સાથે માર્કેટિંગ યાર્ડમાં મગફળીની ખૂબ જ આવક થઈ રહી છે. અમરેલી માર્કેટિંગ યાર્ડમાં છેલ્લા એક અઠવાડિયામાં મગફળી મોટીનો ૯૫૦ થી ૧,૪૧૦ રૂપિયા સુધી બોલાયો હતો. સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડમાં મગફળી મોટીનો ભાવ ૧,૧૦૦ રૂપિયાથી ૧,૪૧૦ રૂપિયા સુધી બોલાયો હતો. ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં નવી આવક શરૂ થઈ ગઈ છે. ૩૧ ૦૦૦ મણ મગફળીની આવક થઈ હતી. હાલ ૧૨૦૦ રૂપિયાથી ૧૪૧૦ રૂપિયા ભાવ બોલાયો હતો. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં ૨૪,૦૦૦ ગુણ મગફળીની આવક નોંધાય છે અને ગ્રેડેશન વાઈઝ મગફળીનો ભાવ ૧,૩૦૦ થી ૧,૪૧૦ સુધી એવરેજ ભાવ બોલાઈ રહ્યા છે. હાલ માર્કેટિંગ યાર્ડમાં નવી મગફળીની આવક શરૂ થઈ ગઈ છે. જૂનાગઢ અને વિસાવદર યાર્ડમાં મગફળીનાં ભાવ ૧૫૪૦ રૂપિયાને વટાવી ગયા હતાં. ખેડૂતોને એક મણનાં સારા ભાવ અહીં મળ્યાં હતાં. અન્ય યાર્ડમાં સામાન્ય ભાવ રહ્યાં હતાં.

### સારવાર મળે તે અગાઉ મોત

# નાસ્તો વેચતા વેચતા ૨૩ વર્ષીય યુવકને આવ્યો હાર્ટ અટેક

અમદાવાદ, તા.૬

રાજ્યમાં વધુ એક યુવાનનું હાર્ટ અટેકના કારણે મોત થયું હતું. મળતી જાણકારી અનુસાર, બનાસકાંઠાના પાલનપુરમાં ગત રાત્રે હાર્ટ અટેકના કારણે ૨૩ વર્ષીય યુવકનું મોત થયું હતું. તે ગાડીમાં નાસ્તો બનાવી પરિવારનું ગુજરાત ચલાવતો હતો. નમન સિસોદિયા નામનો યુવક નાસ્તો વેચતા વેચતા અચાનક ઢળી પડ્યો હતો. જેને પગલે તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયો હતો ત્યાં હાજર ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. ગઈકાલે નર્મદાના ડેડીયાપાડાના ૨૮ વર્ષીય યુવક નરેશ વસાવાનું પણ હાર્ટ અટેકથી મોત થયું હતું. રાજ્યમાં દરરોજ સરેરાશ એકથી ત્રણ હાર્ટ અટેકના કિસ્સા બની રહ્યાં છે. આજે વલસાડ જિલ્લામાં ૨૮ વર્ષીય યુવકનું હાર્ટ અટેકથી મોત થયું છે. નર્મદાના ડેડીયાપાડાનો ૨૮ વર્ષીય યુવક હોટેલમાં વેઈટરનું કામ કરતો હતો. તેમને અચાનક છાતીમાં દુખાવો ઉપાડતા ૧૦૮ બોલાવી હતી. જો કે ૧૦૮ ના તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક રીતે હાર્ટ એટેકથી મોતનું તારણ તબીબે વ્યક્ત કર્યું છે. મોતનું સાચું કારણ જાણવા યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. તો બીજી તરફ ભાવનગર, ધોરાજી, સુરેન્દ્રનગર, અમરેલી, મોડાસા, વડોદરામાં હાર્ટ અટેકથી જીવ ગુમાવ્યાના અહેવાલ છે. અરવલ્લીના મોડાસામાં ૫૫ વર્ષીય નરેશ મહેતાનું હાર્ટ અટેકથી મોત થયું હતું તેઓ પોસ્ટ ઓફિસનું રીકરીંગ અને એલઆઈસી એજન્ટ તરીકે કામ કરતા હતા. છાતીમાં દુખાવા બાદ તેઓ અચાનક બેભાન થયા હતા અને હોસ્પિટલ પહોંચાડ્યા હતા પરંતુ ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા અને હાર્ટ અટેકથી મોત થયાનું કારણ રજૂ કર્યું હતું તો બીજી તરફ સુરેન્દ્રનગરમાં છેલ્લા ૩૬ કલાકમાં હાર્ટ અટેકના કારણે ૨ લોકોએ જીવ ગુમાવ્યો હતો. સુરેન્દ્રનગરના લખતર તાલુકમાં હાર્ટ એટેકથી છેલ્લા ૩૬ કલાકમાં બીજા યુવકનુ મોત નિપજ્યું છે. લખતરના લીલાપુર ગામે રહેતા ૪૩ વર્ષના યુવક આલાભાઈ સભાડનુ હાર્ટએટેકથી મોત નિપજ્યું છે. યુવકના મોતથી પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે. સુરેન્દ્રનગરના લખતર શહેરના મફતિયાપરા વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષના યુવક સુરેશભાઈ ઘુઘલિયાનું પણ ગઈ કાલે હાર્ટએટેકથી મોડી રાત્રે મોત થયું હતું. તેમને અચાનક રાત્રે છાતીમાં દુખાવો થતાં સારવાર અર્થે લખતર હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા જો કે દુર્ભાગ્યવશ તેની જિંદગી ન બચાવી શકાય અને ડોક્ટરએ યુવકને મૃત જાહેર કર્યો.નાની ઉમરે યુવકનુ હાર્ટએટેકથી મોત નીપજતાં પત્ની, ત્રણ સંતાનો સહિત પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે.

### દિવાળી પહેલા ગૃહિણીઓને રાહત

# સૌરાષ્ટ્રના યાર્ડમાં ડુંગળીની જંગી આવક થતા ભાવમાં કડાકો

અમદાવાદ, તા.૬

સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં ખરીફ ડુંગળીની મોટા પ્રમાણમાં આવકો થતા ભાવમાં કડાકો બોલ્યો છે. રાજકોટ-ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની મોટા પ્રમાણમાં આવકો થઈ છે. ડુંગળીની મોટા પ્રમાણમાં આવકો થતા ભાવમાં ઘટાડો થયો છે. છેલ્લા પાંચ દિવસમાં ડુંગળીનાં ભાવમાં પ્રતિ મણે ૧૫૦થી ૩૦૦ રૂપિયા સુધીનો ઘટાડો થયો છે. હાલ સારામાં સારી ડુંગળી એક મણે ૫૦૦ થી ૬૦૦ રૂપિયા ભાવે વેચાઈ રહી છે. હાલ ખરીફ ડુંગળીની મોટા પ્રમાણમાં આવકો થઈ છે. સરેરાશ ડુંગળીના ૪૦૦ રૂપિયાથી ૬૦૦ રૂપિયા ભાવ બોલાઈ રહ્યો છે. રાજકોટ અને ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મોટા પ્રમાણમાં ડુંગળીની આવકો થઈ છે. છેલ્લા એક-બે મહિના દરમિયાન સમગ્ર દેશમાં ડુંગળીના ભાવમાં ભારે વધારો થયો છે. દેશના ઘણા ભાગોમાં ડુંગળીના છૂટક ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિ કિલોની નજીક પહોંચી ગયા છે. ડુંગળીના ભાવમાં આ વધારો એવા સમયે થયો છે જ્યારે સમગ્ર દેશ તહેવારોની ઉજવણીમાં ડૂબેલો છે. જેના કારણે તહેવારોની સિઝનમાં મોંઘવારી ફરી કાબૂ બહાર જવાની સંભાવના વધી ગઈ છે. આ કારણે સરકાર ડુંગળીના ભાવને અંકુશમાં લેવા માટે દરમિયાનગીરી કરી રહી છે. અહેવાલ મુજબ, ગ્રાહક બાબતોના મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ સપ્તાહના અંતથી સફલ મધર ડેરીમાં બફર સ્ટોકમાંથી ડુંગળીનું વેચાણ શરૂ થશે. ખરીફ પાકના આગમનમાં વિલંબ થઈ રહ્યો છે, જેના કારણે ડુંગળીના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ગ્રાહકોને રાહત આપવા માટે બફર સ્ટોકમાંથી ડુંગળીનું છૂટક વેચાણ શરૂ કરવામાં આવ્યું છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, સરકારે ચાલુ વર્ષ માટે પાંચ લાખ ટન ડુંગળીનો બફર સ્ટોક જાળવી રાખ્યો છે. સરકાર વધારાના બે લાખ ટનનું બફર બનાવવાની યોજના ધરાવે છે. સરકારનું કહેવું છે કે આ પગલાંને કારણે ડુંગળીના જથ્થાબંધ ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સરકારનું કહેવું છે કે રિટેલ માર્કેટમાં તેની અસર જોવામાં સમય લાગી રહ્યો છે. આગામી સપ્તાહથી છૂટક ભાવમાં ઘટાડો થવાની ધારણા છે. અહેવાલ મુજબ, દિલ્હી-એનસીઆરમાં મધર ડેરીના સફલ વેચાણ કેન્દ્ર પર લોકોને ૨૫ રૂપિયા પ્રતિ કિલોના દરે ડુંગળી મળશે. કેન્દ્ર સરકારનું કહેવું છે કે ડુંગળીની વધતી કિંમતોથી ગ્રાહકોને રાહત આપવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. દિલ્હી-એનસીઆરના લોકોને સુરક્ષિત સ્ટોરેજમાંથી રાહત દરે ડુંગળી આપવામાં આવશે.

# મિતિયાળાના તલાટી મંત્રીની બદલી થતા સન્માન કરવામાં આવ્યું



સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલાના મિતિયાળ ાના તલાટી મંત્રીની બદલી થતા અદકેરૂ સન્માન કરવામાં આવ્યું હતું. મિતિયાળા ગ્રામ પંચાયતમાં તલાટી મંત્રી તરીકે ફરજ બજાવતા અમરૂભાઇ બોરીચા એ મિતિયાળા વિકાસમાં સુંદર કામગીરી કરીને ગ્રામ પંચાયત અને ગ્રામીણવાસીઓની હંમેશા પડખે ઉભા રહીને સુંદર કામગીરી કરી હતી ને તલાટી મંત્રીની બદલી થતાં મિતિયાળાના અશરફ મકવાણાના નિવાસસ્થાને તલાટી મંત્રીનો વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો.

જેમાં મિતિયાળાના અગ્રણી આગેવાનો દ્વારા તલાટી મંત્રીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી ને ગ્રામ પંચાયત વિકાસ અને ગ્રામીણ ગામડાની સમસ્યા ઉકેલવાની કુનેહ અને ગામડા વાસીઓને પડતી હાલાકી સમયે સુંદર માર્ગદર્શન આપતા તલાટી મંત્રી બોરીચાને બિરદાવવામાં આવ્યા હતા.

જેમાં હાજીભાઈ, કરશન ભાઈ, ગોલભાઈ, રમેશભાઈ, રહીમભાઈ, યુનુસભાઈ, મનસુખ ભાઈ, કેશુભાઈ, જીભાઈ, અમિભાઈ ખાસ ઉપસ્થિત રહ્યાનું મિતિયાળા અગ્રણી અશરફ મકવાણા દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું હતું.

### ધો. ૧૨ બોર્ડની પરીક્ષાનાં ફોર્મ ભરવાની તારીખ જાહેર

# ૬ નવેમ્બર થી ૧૫ ડિસેમ્બર સુધી વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકશે

### સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉત્તર બુનિયાદી વિદ્યાર્થીઓને લાગુ પડશે

ગાંધીનગર, તા.૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૪ માં પરીક્ષા ફોર્મ ભરવાની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. ત્યારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ. બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાંની પરીક્ષાનાં ફોર્મ રેગ્યુલર ફી સાથે તા. ૬.૧૧.૨૦૨૩ થી તા. ૧૫.૧૨.૨૦૨૩ નાં રોજ બોર્ડની વેબસાઈટ પરથી ભરી શકાશે. તેમજ ધો. ૧૨ નાં તમામ પ્રવાહનાં એટલે કે રેગ્યુલર, રીપીટર વિદ્યાર્થીઓનાં આવેદનપત્રો ફરજીયાત ઓનલાઈન ભરવાનાં રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવેલા ફીમાં વધારા વિશે વિગતવાર વાત કરીએ તો ધોરણ ૧૦ની ફી ૩૫૫ રૂપિયાથી વધારીને ૩૯૯ રૂપિયા કરવામાં આવી છે. ધોરણ ૧૦માં કુલ ૧૩ કેટેગરી આવેલી છે. કેટેગરી વાઈઝ લઘુત્તમ રૂ.૧૫થી ૪૦ સુધીનો વધારો કરાયો છે. જ્યારે ધોરણ ૧૨ સાયન્સમાં નિયમિત ફી રૂ.૬૫૫થી વધારી રૂ.૬૬૫ કરાઈ છે. તો ધોરણ ૧૨ કોમર્સમાં નિયમિત ફી રૂ.૪૯૦થી વધારીને રૂ.૫૪૦ કરાઈ છે. ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૧ માર્ચથી થશે શરૂ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડાન સચિવ એન.જી વ્યાસ દ્વારા જાહેર કરવામાં આવેલ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે. ધોરણ ૧૦, સંસ્કૃત પ્રથમા અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત માધ્યમના ઉમેદવારોની માર્ચ- ૨૦૨૪ની પરીક્ષા તારીખ ૧૧/ ૦૩/૨૦૨૪થી તારીખ ૨૬/૦૩/ ૨૦૨૩ દરમિયાન લેવામાં આવશે. નવી શિક્ષણ નીતિ મુજબ લેવાશે પરીક્ષાહવે રાજ્યમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ વધારાયું છે, વર્ણનાત્મક પ્રશ્નોમાં પણ આંતરિક વિકલ્પને બદલે તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ અપાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે જાહેર કરેલી નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અન્વયે આ નિર્ણયો મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં કરવામાં આવ્યા હતા.

### અકસ્માતમાં એક વ્યક્તિને પગમાં ઇજા પહોંચી

# સુરેન્દ્રનગરમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના કાફલાને અકસ્માત નડ્યો

### આ ઘટનામાં એક વ્યક્તિને પગમાં ઇજા પહોંચી હતી, જેને લઈ વિજય રૂપાણીએ ઇજાગ્રસ્ત વ્યક્તિની સારવાર માટેની વ્યવસ્થા કરી તેમને સારવાર માટે મોકલી આપ્યા

સુરેન્દ્રનગર, તા.૬

સુરેન્દ્રનગર વિસ્તારમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના કાફલાને અકસ્માત નડ્યો હોવાની ઘટના સામે આવી છે. વિગતો મુજબ હાઈવે પરથી પસાર થઈ રહેલા પૂર્વ CM રૂપાણીના કાફલામાં સવાર પોલીસની પાયલોટિંગ કાર એક બાઈક સાથે અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં એક વ્યક્તિને પગમાં ઈજા પહોંચી હતી. જેને લઈ વિજય રૂપાણીએ ઈજાગ્રસ્ત વ્યક્તિની સારવાર માટેની વ્યવસ્થા કરી તેમને સારવાર માટે મોકલી આપ્યા હતા.

રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના કાફલાની પોલીસ પાયલોટિંગ કાર અને બાઇક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પૂર્વ CM રૂપાણીના કાફલાની પોલીસ પાયલોટિંગ કાર હાઈવે પરથી પસાર થતાં એક બાઈકને અથડાઈ હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. ઘટનામાં બાઈક સવાર એક વ્યક્તિને પગના ભાગે ઈજા પહોંચતા પૂર્વ CM રૂપાણીએ પોતાની કારમાંથી ઉતરી તાત્કાલિક ઈજાગ્રસ્ત વ્યક્તિને હોસ્પિટલ પહોંચાડવાની કવાયત કરી હતી.

### જુલાઇ ૨૦૨૩ સુધીમાં ગુજરાતમાં ૧૦૦૨ CNG સ્ટેશન છે

# ૧. ૧ હજારથી વધુ CNG સ્ટેશન સાથે ગુજરાત દેશમાં ટોચ પર

### ગુજરાત પ્રદૂષણ મુક્ત થવાની દિશામાં આગળ વધી રહ્યું છે, CNG સ્ટેશનની સંખ્યામાં ગુજરાત સમગ્ર દેશમાં ટોપ પર પહોંચી ગયું

અમદાવાદ, તા.૬

વર્ષ ૨૦૭૦ સુધીમાં દેશના કાર્બન ઉત્સર્જનને નેટ ઝીરો કરવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને સાર્થક કરવાની દિશામાં ગુજરાતની એક સક્રિય ભાગીદારી રહી છે.


મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પર્યાવરણને અનુકૂળ નીતિઓ દ્વારા આર્થિક વિકાસ તરફ રાજ્ય અગ્રેસર છે. પરિણામે, ગુજરાત પ્રદૂષણ મુક્ત થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આજે, CNG સ્ટેશનની સંખ્યામાં ગુજરાત સમગ્ર દેશમાં ટૉપ પર પહોંચી ગયું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ દ્વારા રજૂ કરાયેલા આંકડા અનુસાર જુલાઈ ૨૦૨૩ સુધીમાં, ગુજરાતમાં ૧૦૦૨ CNG સ્ટેશન છે, જેનું નેટવર્ક રાજ્યના ૩૩ જિલ્લાઓને આવરી લે છે.

CNG સ્ટેશનની સંખ્યામાં ગુજરાત બાદ ઉત્તરપ્રદેશ (૮૧૯), મહારાષ્ટ્ર (૭૭૮), રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ક્ષેત્ર (કેન્દ્રશાસિત પ્રદેશ -૪૮૦) અને હરિયાણા (૩૪૯) છે. જુલાઈ ૨૦૨૩ સુધીમાં ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૫૮૯૯ સ્ટેશન છે, જેમાંથી ૧૭ ટકા જેટલા ગુજરાતમાં છે. આ તમામ આંકડા પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (PNGRB) દ્વારા અપડેટ કરવામાં આવ્યા છે.

PNGRBએ અપડેટ કરેલા આંકડા અનુસાર, જુલાઈ ૨૦૨૩ સુધીમાં ભારતમાં કુલ ૧,૧૪,૪૬,૬૪૬ ઘરગથ્થુ પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) કનેક્શન છે, જેમાંથી ગુજરાતની સંખ્યા ૩૦,૭૮,૧૬૨ છે. તે સિવાય રાજ્યમાં ૨૨,૭૨૨ વ્યવસાસિક અને ૫૭૩૩ ઔદ્યોગિક કનેક્શન છે.

ઉલ્લેખનીય છે કે PNGRB દ્વારા કંપનીઓને દેશમાં અમુક ભૌગોલિક વિસ્તારો CNG સ્ટેશન બનાવવા માટે ફાળવવામાં આવે છે. એટલે ઘણી વખત ફાળવેલ વિસ્તારો બે રાજ્યોની સરહદની આસપાસમાં હોવાથી, યાદીમાં તે વિસ્તારનો બે રાજ્યો સાથે ઉલ્લેખ કરવામાં આવે છે.

# સાવરકુંડલાની પ્રાંત કચેરી ખાતે અધિકારીઓની બેઠક યોજાઇ



સાવરકુંડલા, તા.૬

સાવરકુંડલા પ્રાંત કચેરી ખાતે મામતદાર શૈલેષભાઈ એસ.બારૈયાના અધ્યક્ષ સ્થાને સરકારના તમામ પ્રભાગોની સંકલન બેઠક યોજાય હતી.

જેમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સૂચના અનુસાર અને શહેર ભાજપના માર્ગદર્શન તળે સાવરકુંડલાની સુખાકારી માટે સંકલન સમિતિના સભ્ય નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી અને શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ નાગ્રેચા દ્વારા સંકલ બેઠકમાં વિવિધ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા જેમાં નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી દ્વારા ૨ પ્રશ્નો રજૂ થયા નેશનલ હાઈવે નંબર ૩૫૧ જે સાવર કુંડલા શહેરમાથી પસાર થાય છે તેના ગાબડા તાત્કાલિક કરો જેથી તહેવારોમાં કોઈ અગવડતાઓ ના પડે જયારે મહુવા રોડ કે. કે. સેન્ડવીચ પાસે વરસાદી પાણી ભરાઈ છે તેનુ તાત્કાલિક નિરાકરણ કરો જયારે શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ નાગ્રેચા દ્વારા ૫ પ્રશ્નો રજૂ કર્યા હતા.

જેમાં ગત સંકલનમાં લેવા પ્રશ્નોનું નિરાકરણ અથવા જવાબ આપવા બાબત રજુઆત કરવામાં આવી હતી તો સાવરકુંડલા નગરપાલિકામાં છઠ્ઠા પગાર પંચ લાગુ કાયમી કર્મચારીઓનું કર્યુ પેન્શન થયું નથી, પશુ દવાખાનામાં કાયમી ડોકટરની નિમણુક થાય, ન.પા.દ્વારા દિવતિય પુનઃવિકાસ સદર્ભ સરકાર પત્ર ૨/૬/૧૫ શહેરી વિકાસ મંત્રાલયની અમલવારી એટલે કે લે–આઉટ શરતી મજૂરી,અને ખેડૂતના અપીલના ઠરાવની નકલ ૪ થી ૫ મહિના થાય છે તે ૬૦ દિવસમાં થઈ શકે તો ખેડૂતોની મુશ્કેલીઓ રજૂ કરીને પ્રાંત અધિકારીને પાલિકા પ્રમુખ ત્રિવેદી અને શહેર ભાજપ મહામંત્રી નાગ્રેચાએ રજૂઆત કરી હતી.

### દિલ્હીમાં હવાની ગુણવત્તાની ખરાબ સ્થિતિની વચ્ચે સરકારનો નિર્ણય

# દિલ્હીમાં ૧૩-૨૦ નવેમ્બરે વાહનો માટે ઓડ-ઈવન ફોર્મ્યુલા લાગુ રહેશે

### દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કહ્યું, પ્રદૂષણ વધી રહ્યું છે, નિષ્ણાતોના મતે તેનું કારણ તાપમાનમાં સતત ઘટાડો અને પવનની ખૂબ જ ધીમી ગતિ છે

નવી દિલ્હી, તા.૬

દિલ્હીમાં હવાની ગુણવત્તાની ખરાબ સ્થિતિ વચ્ચે દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે એક પ્રેસ કોન્ફરન્સમાં અનેક મોટી જાહેરાતો કરી. પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે દિલ્હીમાં ઘણા નવા નિયમો લાગુ કરવામાં આવી રહ્યા છે, જેમાંથી સૌથી મોટો નિયમ ઓડ-ઈવન નિયમ છે. આ અંતર્ગત અઠવાડિયામાં અમુક દિવસો માટે માત્ર એકી નંબર પ્લેટવાળા વાહનો જ રસ્તા પર દોડી શકશે અને બાકીના દિવસોમાં બેકી નંબર પ્લેટવાળા વાહનો જ ચલાવી શકશે. આ માટે સમયપત્રક જારી કરવામાં આવશે. જો કે આ એક સપ્તાહમાં તેની સમીક્ષા કરવામાં આવશે. તે પછી સરકાર નક્કી કરશે કે તેને આગળ ચાલુ રાખવું કે નહીં.

દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કહ્યું કે, પ્રદૂષણ સતત વધી રહ્યું છે. નિષ્ણાતોના મતે તેનું મુખ્ય કારણ તાપમાનમાં સતત ઘટાડો અને પવનની ખૂબ જ ધીમી ગતિ છે. આજે એક્યુઆઈ ૪૩૬ પર પહોંચી ગયો છે. દિલ્હીમાં ૩૬૫ દિવસ દરમિયાન પ્રદૂષણ ઘટાડવા માટે કામ કરવામાં આવી રહ્યું છે. આવી સ્થિતિમાં દિલ્હી માટે ઉનાળો અને શિયાળાનો એક્શન પ્લાન લાગુ કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૫માં ૩૬૫માંથી ૧૦૯ સ્પષ્ટ દિવસો હતા જે આ વર્ષે વધીને ૨૦૬ થયા છે.

આજે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સમીક્ષા બેઠક યોજી હતી. જેમાં તેમને અત્યાર સુધી શું કામ થયું છે તેની તમામ માહિતી આપવામાં આવી હતી. દિલ્હીની અંદર આવશ્યક સેવાઓના ટ્રક અને સીએનજી, ઈલેક્ટ્રિક વાહનો સિવાય તમામ ટ્રકોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. હવે દિલ્હીમાં તમામ બાંધકામ અને ડિમોલિશન પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ખરાબ હવાના કારણે ૫ ધોરણ સુધીની તમામ શાળાઓ ૧૦ નવેમ્બર સુધી બંધ રહેશે. આ સાથે ધોરણ ૬ થી ધોરણ ૯ અને ધોરણ ૧૧ ના બાળકો માટેની શાળાઓ પણ ૧૦ નવેમ્બર સુધી બંધ કરી દેવામાં આવી છે.. શાળાઓ માત્ર ધોરણ ૧૦ અને ૧૨ના બાળકો માટે જ ખુલ્લી રહેશે કારણ કે તેમની બોર્ડની પરીક્ષાઓ આવવાની છે. નવેમ્બર શરૂ થતા જ દિલ્હીમાં ધુમ્મસના કારણે હવાની ગુણવત્તા બગડી રહી છે. આકાશમાં ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા છે અને શ્વાસ લેવો મુશ્કેલ બની રહ્યો છે. એક્યુઆઈ એટલો બગડ્યો છે કે દિલ્હી એનસીઆરમાં રહેતા લોકોને સ્વાસ્થ્ય સંબંધિત ફરિયાદોનો સામનો કરવો પડી રહ્યો છે. ગળામાં દુઃખાવો, આંખોમાં બળતરા વગેરેની સાથે શ્વસન સંબંધી ગંભીર બિમારીઓ પણ થઈ રહી છે. જાન્યુઆરી ૨૦૧૬ માં, જ્યારે વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવામાં મુશ્કેલીઓ હતી, ત્યારે દિલ્હી સરકારે પ્રથમ વખત ઓડ-ઈવન નિયમ લાગુ કર્યો હતો. આ પછી, આ નિયમ એપ્રિલ ૨૦૧૬ માં પણ અમલમાં આવ્યો. નિયમ એવો હતો કે ૨, ૪, ૬, ૮ અને ૦ તારીખે પણ નંબરવાળા વાહનો ચલાવી શકાશે. તે જ સમયે, વિષમ નંબર પ્લેટવાળા વાહનો તારીખ ૧, ૩, ૫, ૭ અને ૯ ના રોજ રસ્તાઓ પર આવી શકશે.

### સંરક્ષણ ક્ષેત્રમાં ક્યારેય ૧૦૦% એફડીઆઈને મંજૂરી આપવામાં આવી ન હતી

# Saab FFV India વિદેશી કંપની ભારતમાં રોકેટ બનાવશે

### ભારતમાં સાબની રોકેટ સુવિધા હરિયાણા રાજ્યમાં બની શકે છે, સાબની વેબસાઇટ પર એવું કહેવામાં આવ્યું છે કે તેની ભારતીય સુવિધામાં ઉત્પાદન આવતા વર્ષથી શરૂ થઈ શકે છે

નવી દિલ્હી, તા.૬

ભારતમાં સંરક્ષણ ઉત્પાદનને તાજેતરમાં મોટું પ્રોત્સાહન મળ્યું છે. પહેલીવાર સરકારે સંરક્ષણ ક્ષેત્રમાં ૧૦૦% **FDI**ના પ્રસ્તાવને મંજૂરી આપી છે. આ **FDI** પ્રસ્તાવ ભારતમાં જ રોકેટના ઉત્પાદન સાથે સંબંધિત છે.

મતલબ કે પ્રપોઝલ કરનારી પ્રખ્યાત વિદેશી ડિફેન્સ કંપની ટૂંક સમયમાં મેડ-ઈન-ઈન્ડિયા રોકેટ બનાવવા જઈ રહી છે. અહેવાલ મુજબ, સરકારે જે પ્રસ્તાવને મંજૂરી આપી છે તે સ્વીડિશ કંપની સાબની છે. સાબે રોકેટ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સ્થાપવા માટે **FDI**નો આ પ્રસ્તાવ આપ્યો છે.

આ માટે **Saab FFV India** નામની નવી કંપની રજીસ્ટર કરવામાં આવી છે. કંપની ભારતમાં કાર્લ-ગુસ્તાફ **M4** સિસ્ટમ રોકેટની નવી પેઢીનું ઉત્પાદન કરવા જઈ રહી છે. આ **FDI** દરખાસ્તનું મૂલ્ય ૫૦૦ કરોડ રૂપિયાથી ઓછું હોવાનું કહેવાય છે. સાબ હાલમાં માત્ર સ્વીડનમાં કાર્લ-ગુસ્તાફ એમ૪ સિસ્ટમનું ઉત્પાદન કરે છે. ભારતીય સેના પહેલાથી જ આ રોકેટનો ઉપયોગ કરી રહી છે.

ભારત સિવાય અમેરિકા અને યુરોપના ઘણા દેશો પણ આ રોકેટનો ઉપયોગ કરે છે. અહેવાલ મુજબ ભારતમાં સાબની રોકેટ સુવિધા હરિયાણા રાજ્યમાં બની શકે છે. સાબની વેબસાઈટ પર એવું કહેવામાં આવ્યું છે કે તેની ભારતીય સુવિધામાં ઉત્પાદન આવતા વર્ષથી શરૂ થઈ શકે છે. ભારતીય સેના દાયકાઓથી સાબ રોકેટનો ઉપયોગ કરી રહી છે.

કાર્લ-ગુસ્તાફ સિસ્ટમ માટેનો પ્રથમ કરાર ૧૯૭૬માં ભારતીય સેના અને સાબ વચ્ચે થયો હતો.

આ એફડીઆઈ પ્રસ્તાવ પહેલા, સાબ ભારતીય કંપનીઓ મ્યુનિશન્સ ઈન્ડિયા લિમિટેડ અને એડવાન્સ્ડ વેપન્સ એન્ડ ઈક્વિપમેન્ટ ઈન્ડિયા લિમિટેડ સાથે મળીને ભારતીય સેના માટે શસ્ત્રો અને શસ્ત્રોનું ઉત્પાદન કરતા હતા.

સંરક્ષણ ક્ષેત્રમાં ૧૦૦% એફડીઆઈની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હોય તેવો આ પહેલો કિસ્સો હશે. ભારતમાં અત્યાર સુધી, સંરક્ષણ ક્ષેત્રમાં સ્વચાલિત માર્ગ દ્વારા ૭૪ ટકા સુધી એફડીઆઈની મંજૂરી છે. તેના ઉપર, એફડીઆઈ માટે મંજૂરી દરેક કેસના આધારે આપવામાં આવે છે. સરકારે ૨૦૧૫માં **FDI** સંબંધિત નિયમોને સરળ બનાવ્યા હતા.

### ભારતે બીજી વખત ખિતાબ જીત્યો

# ભારતે એશિયન ચેમ્પિયન ટ્રોફી મહિલા હોકીનો ખિતાબ જીત્યો

### જાપાનને ભારતે સ્પર્ધાની ફાઈનલમાં ૪-૦થી પરાજય આપ્યો

રાંચી, તા.૬

ભારતીય મહિલા હોકી ટીમે ગઈકાલે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીહોકીનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. ભારતીય મહિલા ટીમે ફાઈનલ મેચમાં જાપાનને ૪-૦થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતે બીજી વખત આ ખિતાબ જીત્યો છે. આ પહેલા શનિવારે ભારતીય ટીમે એશિયન ગેમ્સની સિલ્વર મેડલ વિજેતા દક્ષિણ કોરિયાને ૨-૦થી હરાવીને વુમન્સ એશિયન ચેમ્પિયનશિપ ટ્રોફીહોકી ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. રાંચીના મારંગ ગોમકે જયપાલ સિંહ એસ્ટ્રોટર્ફ હોકી સ્ટેડિયમમાં ગઈકાલે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ૨૦૨૩ની ફાઈનલ મેચ રમાઈ હતી. ભારત માટે સંગીતા કુમારી, નેહા, લાલરેમસિઆમી અને વંદના કટારીયાએ ગોલ કર્યા હતા. ભારતીય મહિલા હોકી ટીમની જીત બાદ હોકી ઈન્ડિયાએ ટ્વિટ કરીને જાહેરાત કરી હતી કે દરેક ખેલાડીને ઈનામ તરીકે ૩ લાખ રૂપિયા આપવામાં આવશે. આ સાથે સપોર્ટ સ્ટાફના દરેક સભ્યને ૧.૫ લાખ રૂપિયા આપવામાં આવશે.

ભારતે આ પહેલા વર્ષ ૨૦૧૬માં સિંગાપોરમાં પ્રથમ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીત્યો હતો. જ્યારે, જાપાન ૨૦૧૩ અને ૨૦૨૧નું વિજેતા છે. ભારતીય મહિલા હોકી ટીમના કોચ જેનેકે શોપમેને કહ્યું કે અમને ફાઈનલમાં ૪-૦થી જીતની આશા નહોતી. અમે ખૂબ જ ખુશ છીએ. મેચ જોવા આવેલા ચાહકોએ ટીમને ખૂબ પ્રોત્સાહિત કર્યા હતા. અમને ઘણી મદદ કરી. દરેક જણ ઉત્સાહિત હતા. ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન સવિતા પુનિયાએ કહ્યું કે ખૂબ જ સારું લાગી રહ્યું છે. જાપાન ખૂબ જ સારું રમ્યું, હાફ ટાઈમમાં અમે માત્ર એક જ વાત કરી હતી કે અમારે આક્રમક રીતે રમવું પડશે.

### નેપાળમાં ભીષણ ભૂકંપે તબાહી મચાવી દીધી

# નેપાળ માટે ભારતે રાહત સામગ્રીનો પ્રથમ જથ્થો મોકલ્યો

### રાહત સામગ્રીમાં ટેન્ટ, કમ્બલ, તાડપત્રી, ચાદરો અને દવાઓ, પોર્ટેબલ વેન્ટિલેટર અને તબીબી સાધનો વગેરે સામેલ છે

નવી દિલ્હી, તા.૬

નેપાળમાં શુક્રવારે આવેલા ભીષણ ભૂકંપે તબાહી મચાવી દીધી છે. પશ્ચિમી નેપાળમાં આવેલા આવેલા આ ભૂકંપથી અત્યાર સુધીમાં ૧૫૭ લોકોના મોત થઈ ચૂક્યા છે અને ૨૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. મોટી સંખ્યામાં લોકો બેઘર થઈ ગયા છે અને ખાવા-પાવીનું તથા દવાઓની અછત સર્જાઈ ગઈ છે. આવી સ્થિતિમાં ભારત નેપાળની મદદે પહોંચ્યુ છે. નેપાળની મદદ માટે ભારત તરફથી ભારતીય વાયુ સેના દ્વારા રાહત સામગ્રીનો પ્રથમ જથ્થો મોકલવામાં આવ્યો છે. જે નેપાળગંજ પહોંચી ચૂક્યો છે.

કાઠમાંડૂમાં ભારતીય દૂતાવાસે એક નિવેદનમાં કહ્યું કે, ભારતીય તરફથી એરફોર્સના એક વિશેષ સી-૧૩૦ વિમાન દ્વારા નેપાળ મોકલવામાં આવેલી ૧૦ કરોડ રૂપિયાની કટોકટીની રાહત સામગ્રીનો પ્રથમ જથ્થો પ્રાપ્ત થયો છે. તેમાં ટેન્ટ, કમ્બલ, તાડપત્રી, ચાદરો અને સ્લીપિંગ બેગની સાથે-સાથે આવશ્યક દવાઓ, પોર્ટેબલ વેન્ટિલેટર અને તબીબી સાધનો વગેરે સામેલ છે.

દૂતાવાસના નિવેદનમાં કહેવામાં આવ્યું કે, ભારતીય વાયુસેનાના વિમાનમાં ૧૧ ટનથી વધુ રાહત સામગ્રી મોકલવામાં આવી હતી. ભૂકંપથી પ્રભાવિત લોકોને તમામ જરૂરી વસ્તુઓ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું કે, ભારત સરકાર વતી ભારતીય રાજદૂત નવીન શ્રીવાસ્તવે કરનાલીના મુખ્યમંત્રી રાજ કુમાર શર્માની હાજરીમાં નેપાળના નાયબ વડા પ્રધાન અને સંરક્ષણ મંત્રી પૂર્ણ બહાદુર ખડકાને રાહત સામગ્રી સોંપી હતી. ભારત પર આવનારા દિવસોમાં રાહત સામગ્રીનો વધુ એક જથ્થો આવવાની આશા છે.

ભારતીય મિશને કહ્યું કે, એક નજીકના મિત્ર અને પાડોસી દેશ તરીકે ભઆરત નેપાળમાં ભૂકંપથી અસરગ્રસ્ત લોકોને દરેક શક્ય મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે. ભારત નેપાળી ભૂકંપ પીડિતોને રાહત પેકેજ આપવામાં પ્રથમ રેસ્પોન્ડર રહ્યો છે.

### ભારતીય શેર બજારમાં શાનદાર તેજીનો માહોલ

# સેન્સેક્સમાં ૫૯૫ અને નિફ્ટીમાં ૧૮૧ પોઈન્ટનો વધારો નોંધાયો

મુંબઈ, તા.૬

ભારતીય શેર બજારમાં આજે શાનદાર તેજીનો માહોલ જોવા મળ્યો હતો, આજે ખુલતા માર્કેટની સાથે જ તમામ ઈન્ડેક્સ તેજી સાથે ખુલ્યા અને કારોબારી દિવસના અંતે તેજી સાથે બંધ થયા હતા. કારોબારી દિવસના અંતે આજે બીએસઈ ઈન્ડેક્સ સેન્સેક્સ ૦.૯૨ ટકા ચઢીને ૫૯૪.૯૧ પૉઈન્ટ ઉછળ્યો હતો, અને ૬૪,૯૫૮.૬૯ના સ્તરે બંધ રહ્યો હતો. તો વળી, નિફ્ટીમાં પણ તેજી જોવા મળી હતી. કારોબારી દિવસના અંતે એનએસઈ ઈન્ડેક્સ નિફ્ટી ૦.૯૪ ટકાના વધારા સાથે ૧૮૧.૧૫ પૉઈન્ટ અપ રહ્યો અને ૧૯,૪૧૧.૭૫ના સ્તરે બંધ રહ્યો હતો. ઓવરઓલ ભારતીય શેર માર્કેટમાં આજે તેજીનો માહોલ જોવા મળ્યો હતો.

આ સપ્તાહના અંતે ધનતેરસ અને દિવાળીનો તહેવાર છે. આજે આ તહેવારોના સપ્તાહની બજારમાં શાનદાર શરૂઆત થઈ છે. રોકાણકારોની જોરદાર ખરીદીને કારણે ભારતીય શેરબજારમાં અદભૂત ઉછાળો જોવા મળ્યો છે અને સેન્સેક્સ ૬૦૦ પોઈન્ટના ઉછાળા સાથે બંધ થયો છે. બજારમાં આ વધારો બેક્કિંગ, એનર્જી અને આઈટી શેરોમાં ખરીદીને કારણે થયો હતો. આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૫૯૫ પોઈન્ટના ઉછાળા સાથે ૬૪,૯૫૯ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૮૧ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૪૧૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. આજના કારોબારમાં બેક્કિંગ શેરોમાં ખરીદીને કારણે બેક્ક નિફ્ટી ૩૦૧ પોઈન્ટના ઉછાળા સાથે ૪૩,૬૧૯ પોઈન્ટ પર બંધ થયો હતો. આજના કારોબારમાં ઓટો, આઈટી, ફાર્મા, એફએમસીજી, મેટલ્સ, એનર્જી, ઈન્ફ્રા, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના ઈન્ડેક્સ ઉછાળા સાથે બંધ થયા છે. જ્યારે આજના કારોબારમાં માત્ર પીએસયુબેંકોના શેરોના ઈન્ડેક્સ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોના ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયા હતા. આજના કારોબારમાં મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં ખરીદીને કારણે ઈન્ડેક્સ ફરીથી વધારા સાથે બંધ થયો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૬ શેર ઉછાળા સાથે અને ૪ નુકસાન સાથે બંધ થયા હતા. જ્યારે નિફ્ટીના ૫૦ શૅર્સમાંથી ૪૪ શૅર ઉછાળા સાથે અને ૬ ઘટાડાની સાથે બંધ થયા હતા.

### રોમાંચક બન્યા હાલના સમીકરણ

# ભારત તેમજ પાકિસ્તાન વચ્ચે સેમિફાઇનલ નક્કી ?

### ભારતીય ટીમે હાલમાં ૮માંથી તમામ ૮ મેચ જીતી છે, અને ૧૬ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર બેઠી છે

નવી દિલ્હી, તા.૬

આઈસીસી વનડે વર્લ્ડકપ ૨૦૨૩ ભારતમાં રમાઈ રહ્યો છે, અને અત્યારે રોહિત શર્માની આગેવાની વાળી ટીમ ઈન્ડિયા આ ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરી રહી છે, અને ટીમ ઈન્ડિયા સેમિફાઈનલમાં પણ પહોંચી ચૂકી છે. પરંતુ આ બધાની વચ્ચે હવે સેમિફાઈનલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાય તેવા સંકેતો મળી રહ્યાં છે.

આ વર્લ્ડકપમાં ભારત અને પાકિસ્તાન ફરી એકવાર ટકરાશે. આ પહેલા જ્યારે ટીમ ઈન્ડિયા **ODI** વર્લ્ડકપ ૨૦૧૧ની ફાઈનલમાં પહોંચી હતી ત્યારે સેમિફાઈનલમાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું હતું. જાણો અહીં ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્લ્ડકપની સેમિફાઈનલ મેચ કેવી રીતે રમાઈ શકે છે. ભારતીય ટીમે હાલમાં ૮ માંથી તમામ ૮ મેચ જીતી છે, અને ૧૬ પૉઈન્ટ સાથે પૉઈન્ટ ટેબલમાં ટોચ પર બેઠી છે, જ્યાંથી હવે કોઈ અન્ય ટીમ તેને હટાવી શકશે નહીં, કારણ કે કોઈપણ ટીમ ૧૬ પૉઈન્ટ મેળવી શકશે નહીં. આવામાં ટીમ ઈન્ડિયા પૉઈન્ટ ટેબલમાં ટોપ પર એટલે કે નંબર-૧ પર રહેશે તે નક્કી છે. વળી, સેમિફાઈનલમાં નંબર-૧ ટીમનો મુકાબલો નંબર-૪ ટીમ સાથે થશે, જ્યારે નંબર-૨ ટીમની સેમિફાઈનલ મેચ નંબર-૩ ટીમ સાથે થશે, મતલબ કે એ નક્કી થઈ ગયું છે કે ભારતની સેમિ ફાઈનલ મેચ નંબર-૪ ટીમ સાથે થશે.

હવે સવાલ એ છે કે કઈ ટીમ નંબર-૪ પર રહી શકે છે. હાલમાં ન્યૂઝીલેન્ડની ટીમ નંબર-૪ પર છે, જેના ૮ પૉઈન્ટ છે. પાકિસ્તાન નંબર-૫ પર છે, અને તેના પણ ૮ પૉઈન્ટ છે, પરંતુ નેટ રન રેટ ન્યૂઝીલેન્ડ કરતા ખુબ ઓછો છે, જે તેના માટે ચિંતાનો વિષય છે. વળી, અફઘાનિસ્તાનની ટીમ નંબર-૬ પર હાજર છે, અને તેની પાસે પણ ૮ પૉઈન્ટ ઉપલબ્ધ છે, જ્યારે તેણે હજુ લીગ તબક્કાની બે બાકીની મેચ રમવાની છે. આવામાં જો અફઘાનિસ્તાન તેની બંને મેચ જીતી જશે તો પાકિસ્તાન સેમિફાઈનલમાં પ્રવેશ કરી શકશે નહીં. વળી, જો અફઘાનિસ્તાન બેમાંથી એક મેચ જીતે છે, અથવા બંને હારે છે, અને ન્યૂઝીલેન્ડ તેની બાકી રહેલી એકમાત્ર મેચમાં શ્રીલંકા સામે હારી જાય છે, અને પાકિસ્તાન તેની છેલ્લી લીગ મેચમાં ઈંગ્લેન્ડને હરાવશે, તો પાકિસ્તાન સેમિફાઈનલમાં પહોંચી શકે છે. છે. જો આમ થશે તો ચોક્કસપણે પાકિસ્તાનની ટીમ નંબર-૪ પર પહોંચી જશે, અને પછી તેની સેમિફાઈનલ મેચ ભારત સામે થશે.

### બાંગ્લાદેશ-શ્રીલંકા મેચની ચોંકાવનારી ઘટના

# શ્રીલંકાના બેટર એન્જેલો મેથ્યુઝને ટાઈમ આઉટ જાહેર કરાયો

### ક્રિકેટના ૧૪૬ વર્ષના ઈતિહાસમાં ક્યારેય નથી બન્યું, આજ સુધી કોઈ બેટ્સમેનને આ રીતે આઉટ થઈને પેવેલિયન પરત જવું પડ્યું નથી

નવી દિલ્હી, તા.૬

આઈસીસી વનડે વર્લ્ડકપ ૨૦૨૩માં અત્યારે બાંગ્લાદેશ અને શ્રીલંકા વચ્ચે મેચ રમાઈ રહી છે, આ મેચમાં આજે એક ચોંકાવનારી ઘટના ઘટી છે. આ મેચ દરમિયાન એવું બન્યું જે ક્રિકેટના ૧૪૬ વર્ષના ઈતિહાસમાં ક્યારેય નથી બન્યુ. ખરેખરમાં, શ્રીલંકાના ખેલાડી એન્જેલો મેથ્યૂઝને ટાઈમ આઉટ જાહેર કરવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આજ સુધી કોઈ બેટ્સમેનને આ રીતે આઉટ થઈને પેવેલિયન પરત જવું પડ્યું નથી. વનડે વર્લ્ડકપ ૨૦૨૩માં બાંગ્લાદેશ ક્રિકેટ ટીમ શ્રીલંકા ક્રિકેટ ટીમ સામે ક્રિકેટ મેચ રમી રહી છે, આ મેચમાં જોરદાર ઘટના ઘટી છે, જેને તમામ દિગ્ગજોને ચોંકાવી દીધા, શ્રીલંકાના મિડલ ઓર્ડર બેટ્સમેન એન્જેલો મેથ્યૂઝને ટાઈમ આઉટ આપવામાં આવ્યો હતો. તે વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ટાઈમ આઉટથી આઉટ થનારો પ્રથમ ખેલાડી બની ગયો છે. એન્જેલો મેથ્યૂઝ એક પણ બૉલ રમ્યો ન હતો અને તેને પેવેલિયન પરત ફરવું પડ્યું હતું.

મેચમાં શ્રીલંકન બેટ્સમેન સદિરા સમરવિક્રમાના આઉટ થયા બાદ મેથ્યૂઝ બેટિંગ કરવા આવ્યો હતો. તેનું હેલ્મેટ યોગ્ય ન હતું અને તેને પહેરવામાં મુશ્કેલી હતી. આ કારણે તેને પેવેલિયનમાંથી અન્ય હેમલેટ લાવવા કહ્યું, જે દરમિયાન બાંગ્લાદેશના કેપ્ટન શાકિબ અલ હસને મેથ્યૂસ સામે આઉટ કરવાની અપીલ કરી. એમ્પાયરે મેથ્યૂસ પાસે ગયા અને તેને પાછા જવા કહ્યું, મેથ્યૂસ થોડીવાર એમ્પાયર સાથે દલીલ કરતો રહ્યો અને પછી પેવેલિયન પરત ફર્યો હતો. નિયમ ૪૦.૧.૧ અનુસાર, વિકેટ પડી ગયા પછી અથવા બેટ્સમેનના રિટાયર્ડ થયા પછી બેટ્સમેન બૉલ રમવાની ૩ મિનિટની અંદર આગળનો બૉલ રમવા માટે તૈયાર હોવો જોઈએ. જો આમ ન થાય તો બૉલિંગ ટીમ અપીલ કરશે તો બેટ્સમેનને આઉટ જાહેર કરી શકાય છે. આમાં બૉલરને વિકેટનો શ્રેય મળતો નથી.

### દ. આફ્રિકાને હરાવી ભારતનો વર્લ્ડ કપમાં સતત આઠમો વિજય

# ટીમ મેનેજમેન્ટે કોહલીને છેલ્લી સુધી ટકી રહેવા મેસેજ મોકલ્યો હતો

### વિરાટ અને શ્રેયસ બેટિંગ કરી રહ્યા હતા ત્યારે રોહિત શર્માએ ઇશાનને મેસેન્જર તરીકે મેદાન પર મોકલ્યો હતો

કોલકાતા, તા.૬

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ગઈકાલે કોલકાતાના ઈડન ગાર્ડનમાં વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની ૩૭મી મેચ રમાઈ હતી. આ મેચમાં ભારતે સાઉથ આફ્રિકાને ૨૪૩ રનથી હરાવી વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં તેની સતત ૮મી જીત નોંધાવી હતી. પરંતુ એક સમયે ભારતીય બેટ્સમેન મુશ્કેલીમાં દેખાઈ રહ્યા હતા. ભારતની બેટિંગ દરમિયાન ૧૧થી ૨૫ ઓવર સુધી ભારતીય બેટ્સમેનોએ માત્ર ૫૨ રન બનાવ્યા હતા.

કોલકાતાની પિચ પર ટર્ન જોવા મળી રહ્યો હતો. આ ટર્નના કારણે વિરાટ કોહલી અને શ્રેયસ અય્યરને બેટિંગ કરવામાં મુશ્કેલી થઈ રહી હતી. જયારે વિરાટ અને શ્રેયસ બેટિંગ કરી રહ્યા હતા ત્યારે ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માએ ઈશાન કિશનને મેસેન્જર તરીકે મેદાન પર મોકલ્યો હતો. કોચ રાહુલ દ્રવિડ અને રોહિત શર્માએ ઈશાનને કંઈક સમજાવ્યું અને ડ્રીંક્સ લઈને મેદાનમાં જવા કહ્યું હતું. તેના તરત પછી જ તેણે મેદાનમાં જઈને કોહલી અને અય્યરને કેપ્ટન અને કોચનો મેસેજ આપ્યો હતો.

શ્રેયસ અય્યરે મેચ બાદ ખુલાસો કર્યો હતો કે ટીમ મેનેજમેન્ટ દ્વારા તેને શું સંદેશ મોકલવામાં આવ્યો હતો. અય્યરે કહ્યું, ' મેચ વચ્ચે મેસેજ મોકલવા માટે કેપ્ટન રોહિત શર્મા અને ટીમ મેનેજમેન્ટનો આભાર, કારણ કે તે સમયે હું થોડો ચિંતિત હતો પરંતુ તેઓએ અમને મેચમાં સમજદારીપૂર્વક બેટિંગ કરવા કહ્યું. આનાથી મને મેચ દરમિયાન ઘણી મદદ મળી. વિરાટ કોહલીએ પણ મેચ બાદ કહ્યું હતું કે ટીમ મેનેજમેન્ટે તેને અંત સુધી રહેવાનો મેસેજ આપ્યો હતો. વિરાટ કોહલી અને શ્રેયસ અય્યર વચ્ચે ૧૩૫ રનની ભાગીદારી થઈ હતી. શ્રેયસ અય્યરે ૮૭ બોલમાં ૭ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૭૭ રન બનાવ્યા હતા. તે સદીથી ચુકી ગયો હતો પરંતુ આઉટ થતા પહેલા તેણે ભારતીય ટીમને એક મજબૂત સ્થિતિ સુધી પહોંચાડી દીધી હતી.

### ભારત સામે કારમી હાર બાદ શ્રીલંકન સરકારનું પગલું

# શ્રીલંકાની સરકારે ક્રિકેટ બોર્ડને બરખાસ્ત કરી દીધું

### ખેલ મંત્રીએ શ્રીલંકા ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન અર્જુન રણતુંગાના નેતૃત્વમાં એક સાત સભ્યોની સમિતિની નિમણુક કરી

કોલંબો, તા.૬

ભારત સામે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં ૩૦૨ રનના અંતરથી મળેલી કારમી હાર બાદ શ્રીલંકા ક્રિકેટ બોર્ડમાં હોબાળો મચી ગયો હતો. મળેલા અહેવાલો મુજબ વાત એટલા હદે વધી ગઈ હતી કે સરકારે આજે શ્રીલંકન ક્રિકેટ બોર્ડને બરખાસ્ત કરી દીધો છે. ભારત સામેની હાર બાદ રણસિંઘે શમ્મી સિલ્વાના નેતૃત્વવાળી એસએલસીમાંથી રાજીનામું આપ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. ભારત સામે કારમી હાર બાદ સિલ્વા મેનેજમેન્ટના રાજીનામાની માંગ સાથે એસએલસીબિલ્ડીંગ સામે અનેક પ્રદર્શનો કરવામાં આવ્યા હતા.

બિલ્ડીંગની સુરક્ષા માટે પોલીસ પણ તૈનાત કરવામાં આવી હતી. ખેલ મંત્રી રોશન રણસિંઘે શ્રીલંકા ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન અર્જુન રણતુંગાના નેતૃત્વમાં એક સાત સભ્યોની સમિતિની નિમણુક કરી હતી.

ખેલ મંત્રાલયની એક નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું હતું કે આ સમિતિની નિમણુક રણસિંઘે દ્વારા ૧૯૭૩ના રમતના કાયદાઓની સંખ્યા ૨૫ની શક્તિઓ હેઠળ કરવામાં આવી છે. આ સમિતિમાં ત્રણ રીટાયર્ડ જજો પણ છે. આ સમિતિમાં બે મહિલાઓ ઉપરાંત પૂર્વ એસએલસીઅધ્યક્ષ ઉપાલી ધર્મદાસા પણ આ સમિતિના સભ્ય છે. રણસિંઘે દ્વારા અધિકૃત રાષ્ટ્રીય ખેલ પરિષદના પ્રમુખ રણતુંગા સિલ્વા મેનેજમેન્ટ પર પ્રશ્ન ઉઠાવતા રહ્યા છે. સિલ્વાને મે મહિનામાં તેમના સતત ત્રીજા કાર્યકાળ માટે એસએલસીમુખ્ય તરીકે પસંદ કરવામાં આવ્યો હતો જે વર્ષ ૨૦૨૫ સુધી ચાલવાનું હતું.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ-મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# અમરેલી ખાતે ટચુકડા વિમાન ઉત્પાદન માટેનાં પ્લાન્ટનું ભૂમિ પૂજન થયું



અમરેલી ખાતે ટુ સીટર થી લઈને સિકસ સીટર વિમાન બનાવવા અને વિમાનની સર્વિસ માટેનાં પ્લાન્ટનો ભૂમિપુજન કાર્યક્રમ ભાજપા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટિલ, કેન્દ્રીય મંત્રી રૂપાલા, રાજયમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા, નાયબ દંડક કૌશિક વેકરીયા, ડો.બોઘરા તેમજ સાસંદ અને જિલ્લાના ધારાસભ્યોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. આ પ્લાન્ટ થકી બેરોજગાર યુવાનોને રોજગારી મળશે તેવો આશાવાદ સૌ કોઈએ વ્યકત કર્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો અને શહેરીજનો ઉપસ્થિત રહયા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં પ્રમુખ સ્વામીનગર વિસ્તારમાંથી

વિસ્તારમાંથી રમેશભાઈ પરશોતમભાઈ મારકણા (રહે. મુળ ગામ–જાબુંડા તા.જી. જામનગર) ના રહેણાંક મકાનેથી રીંગપેક બોટલ નંગ–૧૦ કુલ કિં. રૂા. ૩૫૩૦ પ્રોહીબીશન લગત મુદ્દામાલ સાથે પકડી પાડી આરોપી વિરૂધ્ધમાં પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## સાવરકુંડલામાં રહેતી ૧૭ વર્ષની સગીરા

ઓળખાણ અને બાજુમાં રહેતા ૩૫ વર્ષિય છના બીજલ પાટડિયા ધ્વારા દુષ્કર્મ ગુજારવામાં આવેલ હોવાની પોલીસ ફરિયાદ સાવરકુંડલા રૂલરમાં નોંધાઈ છે. સગીરાની માતાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ૧૭ વર્ષની દીકરીને આરોપી છના બીજલ પાટડિયાએ નવરાત્રિનાં છઠા અને સાતમાં નોરતાએ દિવસ દરમ્યાન મજૂરી કામ કરતા પરિજનની સગીર દીકરી પર દુષ્કર્મ કરતા ફરિયાદી માતાને અન્ય વ્યકિતઓ ધ્વારા જાણ થતાં પોકસો અને દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પોલીસે આજે રાત્રિનાં આરોપીની ધરપકડ કરી લીધી હોવાની પીએસઆઈ રાઠોડે જણાવ્યું હતું.

## અવસાન નોંધ

**ચલાલા :** ચલાલા નિવાસી કનુભાઈ દુદાભાઈ કાથરોટીયા, (ઉ.વ.૬૨) તેઓ રાજેશભાઈ, અશોકભાઈ તથા ભાવેશભાઈના પિતા તેમજ વિઠ્ઠલભાઈ, મનસુખભાઈ, હસમુખભાઈ, બાવચંદભાઈ તથા ચતુરભાઈના ભાઈનું તા.૬/૧૧/૨૦૨૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૯/૧૧/૨૦૨૩ ગુરૂવારે સવારે ૮ થી ૫ રાખેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૬૦ | ૧૪૮૨ |
| ૨ | મગફળી | ૧૧૪૦ | ૧૨૬૫ |
| ૩ | ચણા | ૧૧૨૭ | ૧૧૨૭ |
| ૪ | તલ સફેદ | ૩૩૧૨ | ૩૩૧૨ |
| ૫ | સોયાબીન | ૯૦૧ | ૯૩૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૮૭ | ૧૩૦૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૧૦ | ૧૩૬૦ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૩૫૧૫ |
| ૪ | તલ કાળા | ૨૦૦૦ | ૩૪૭૦ |
| ૫ | બાજરો | ૩૭૭ | ૪૮૮ |
| ૬ | જુવાર | ૬૦૦ | ૧૨૨૩ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૫૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૯૬ | ૬૩૧ |
| ૯ | મગ | ૧૬૧૦ | ૨૦૫૫ |
| ૧૦ | અડદ | ૧૦૦૦ | ૧૯૦૧ |
| ૧૧ | ચણા | ૭૪૦ | ૧૨૧૫ |
| ૧૨ | તુવેર | ૧૧૦૦ | ૧૯૫૨ |
| ૧૩ | કપાસ | ૯૯૦ | ૧૫૨૦ |
| ૧૪ | એરંડા | ૧૦૫૦ | ૧૦૫૫ |
| ૧૫ | ધાણા | ૮૫૧ | ૧૪૪૪ |
| ૧૬ | મેથી | ૯૦૦ | ૧૪૧૧ |
| ૧૭ | સોયાબીન | ૭૫૦ | ૯૬૬ |
| ૧૮ | રજકાનું બી | ૩૩૫૦ | ૪૦૨૫ |

પાના ૮ ઉપરનું ચાલું

## અનેક માલેતુજારો પણ મુંડાણા

એક કિસ્સો તો જાણવા જેવો અજીબ છે, એક ભાઈ ગોદરેજના કબાટની ડિલિવરી લેવા છેલ્લા દિવસે રવિવારે સાંજે પહોંચી ગયા, આ મદ્રાસી ટોળકીએ તેમને કબાટની ડીલીવરી પણ આપી દીધી પણ આ ભાઈને કબાટ લઈ જવા માટે કોઈ વાહન મળ્યું નહીં એટલે એમણે બીજે દિવસે સવારે લઈ જઈશું એમ કહીને પોતાનો કબાટ ત્યાંને ત્યાં ગોડાઉનમાં રાખીને ચાલ્યા ગયા અને સવારે આવીને જોયું તો આખી કંપની જ ગાયબ...કબાટ પણ...!! હવે આ ભાઈ કેટલા પસ્તાતા હશે એ તો એ જ જાણે. સાવરકુંડલાની તમામ સરકારી કચેરીઓનો મોટાભાગનો સ્ટાફ પણ મુંડાવવામાં બાકી રહ્યો નથી. પોલીસ સ્ટાફ, જીઈબી સ્ટાફ, અરે વિદ્વાન વકીલો પણ આ ચેન્નઈની ગેંગની આઈપીસી કલમો ઉકેલી ન શકયા..! સાવરકુંડલાના નિષ્ણાંત ડોકટર મિત્રો પણ આ ગોલ્ડ સ્ટાર હોમ મેડસ સપ્લાયર્સના પેટમાં રહેલ જબરદસ્ત અલ્સર પારખવામાં થાપ ખાઈ ગયા..! સાહેબોને જ ઉલટો ચૂનો લગાડી આ ટોળકી ગુમ થઈ ગઈ..! હવે આ સમગ્ર ચીટીંગ ફ્રોડ કૌભાંડમાં આ સધ્ધર પરિવારોની રોકડ રકમ જે ગઈ છે તે ખૂબ મોટો આંકડો છે પણ આબરૂ જવાની બીકે અને નામ જાહેર થવાની શરમમાં... 'તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ' ; જેવી હાલત થઈ છે. પણ ખરેખર આ શિક્ષિત જાગૃત સજજનોએ હિંમતભેર આગળ આવી પોલીસ સમક્ષ પુરાવા રજૂ કરી નિવેદન આપવું જોઈએ (નામ જાહેર નહીં કરવાની શરતે ) તો જ ખરો આંકડો બહાર આવશે.

આજે આ મદ્રાસી ટોળકી ગુમ થયાને એક વીક જેટલો સમય થઈ ગયો છે પરંતુ હજી પોલીસના અને કાનૂનના લાંબા હાથ આરોપીઓ સુધી પહોંચી શકયા નથી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૩ |
| ૨ | મગફળી | ૯૭૦ | ૧૩૦૧ |
| ૩ | ઘઉં | ૫૦૬ | ૫૭૬ |
| ૪ | ચણા | ૯૬૧ | ૧૧૮૯ |
| ૫ | અડદ | ૧૩૦૫ | ૧૭૫૦ |
| ૬ | ધાણા | ૧૦૩૫ | ૧૨૩૦ |
| ૭ | સોયાબીન | ૮૨૬ | ૯૪૧ |
| ૮ | એરંડા | ૯૦૫ | ૯૦૫ |
| ૯ | મગ | ૧૬૦૫ | ૧૬૦૫ |
| ૧૦ | સફેદ તલ | ૨૮૬૧ | ૩૨૭૫ |
| ૧૧ | જુવાર | ૬૪૦ | ૬૪૦ |
| ૧૨ | વાલ | ૧૬૧૦ | ૧૬૧૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૪૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૩૫૧ |
| ૩ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૩૮૦ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૪૬૦ |
| ૫ | કપાસ | ૧૩૫૦ | ૧૪૯૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૧ | ૬૧૪ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૭૫ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૪૯૨ |
| ૯ | જુવાર | ૫૭૫ | ૧૨૨૨ |
| ૧૦ | મકાઈ | ૫૦૦ | – |
| ૧૧ | અડદ | ૧૪૫૦ | ૧૭૦૦ |
| ૧૨ | ચણા | ૯૫૧ | ૧૩૨૯ |
| ૧૩ | સોયાબીન | ૮૫૦ | ૯૬૫ |
| ૧૪ | તુવેર | ૧૩૫૦ | ૧૭૦૧ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૪૦૫ |

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરા પંથકમાં શિક્ષકે કરેલ

પરાણે સહી લેવામાં આવે છે.

શિક્ષક સમાજમાં એક પ્રકારનો ભયનો માહોલ જોવા મળે છે. બગસરા તાલુકાના શિક્ષણ જગતમાં લોકશાહી નહિ જાણે કે સરમુખત્યારશાહી ચાલતી હોય તેવો માહોલ જોવા મળે છે. તંત્ર આ બાબત ઉંડી તપાસ કરે તો ઘણા બધા રહસ્ય બહાર આવી શકે છે.

હાલમાં જ એમની દખલગીરીથી મુંજીયાસર પ્રાથમિક શાળામાં એસએમસી રચનામાં એમના લાગતા વળગતાને સભ્યો બનાવવા આચાર્ય ઉપર દબાણ લાવી ધમકી આપેલ. જેની અરજી પણ આ આચાર્ય ધ્વારા કરેલ હોવા છતાં તંત્રએ કશું પગલા લીધેલ નથી. શું બીજા કોઈ શિક્ષક આત્મહત્યા કરે એવી તંત્રએ રાહ જોવાની છે.

શાળા નંબર ૪ ના આચાર્ય ધ્વારા લોક સહયોગથી શાળાને ભૌતિક સુવિધાથી સજજ કરેલ છે. એમનું મોરલ તોડવા તેમના વિરૂધ્ધ અરજીઓ કરવામાં આવે છે.

પોતે સરકારની આરટીઈની જોગવાઈ મુજબ એક રેવન્યુ ગામમાં એક શાળા હોય ત્યાં બીજી શાળાને એક કિલોમીટરમાં મંજૂરી આપવી નહી છતાં પોતાના હોદાનો દુરૂઉપયોગ કરીને જિલ્લા અધિકારીઓને ડરાવી ધમકાવીને એક કિલોમીટરમાં બાળકો ના હોવા છતાં અંગત શિક્ષકોને સાચવવા માટે હામાપુર ગામે બીજી શાળા ચાલુ કરાવેલ છે.

ઝાંઝરીયા શાળાનાં આચાર્યનાં આત્મ હત્યાના કિસ્સામાં આરોપી એમના અંગત ટેકેદાર હોય આવેદનપત્ર આપી કેસને નબળો કરવા તેમજ આરોપીને બચાવવા માટે પ્રયત્નો શરૂ કરેલ છે.

આ માણસ રાજકીય હોદેદારો હોય અમો જાહેરમાં એમને કંઈ કહી શકતા નથી. અમારા નામ જાહેર થતાં અમારા જાનનું જોખમ ઉભુ થાય છે એટલે આ અરજી મારફત અમો જણાવીએ છીએ કે બગસરામાં ચાલતા આવા અંધેર તંત્ર વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૯૫ | ૧૫૩૫ |
| ૨ | મગફળી | ૧૧૯૦ | ૧૩૧૦ |
| ૩ | તલ સફેદ | ૨૭૬૦ | ૩૩૭૦ |
| ૪ | અડદ | ૧૬૪૦ | ૧૯૬૦ |
| ૫ | કાળા તલ | ૨૬૫૫ | ૩૩૪૫ |
| ૬ | ઘઉં | ૪૫૨ | ૫૭૮ |
| ૭ | ચણા | ૯૫૪ | ૧૧૫૬ |
| ૮ | સોયાબીન | ૮૯૨ | ૯૩૮ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૭ |
| ૨ | ચણા | ૧૦૦૯ | ૧૧૭૨ |
| ૩ | ચણા સફેદ | ૧૬૦૧ | ૧૭૦૦ |
| ૪ | સોયાબીન | ૮૮૪ | ૯૧૧ |
| ૫ | તલ સફેદ | ૩૧૫૦ | ૩૨૬૦ |
| ૬ | મગફળી | ૧૦૫૧ | ૧૨૦૦ |
| ૭ | જીરૂ | ૮૦૦૦ | ૮૦૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૪૦ | ૬૦૦ |
| ૯ | જુવાર | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૧૦ | અડદ | ૧૭૦૫ | ૧૯૩૦ |
| ૧૧ | ધાણા | ૧૦૦૦ | ૧૨૯૦ |
| ૧૨ | મેથી | ૪૫૦ | ૪૮૫ |
| ૧૩ | તુવેર | ૧૦૦૫ | ૧૧૪૦ |
| ૧૪ | લસણ | ૯૪૪ | ૧૭૧૦ |
| ૧૫ | રાય | ૧૧૪૯ | ૧૨૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં માનવ વસાહતમાં

તેના પાકને રાત્રે નુકસાન કરતા ભૂંડ અને રોઝથી બચાવવો પડે છે. ત્યારે આવા હિંસક હુમલોઓ બનતા ખેડૂતો, મજુરો ભયભીત બને છે. આજે ખેડૂતો ખેતી છોડી રહ્યા છે, ત્યારે આવા હિંસક પ્રાણીઓના હુમલાથી બેવડો માર પડી રહ્યો છે. ત્યારે આવા હિંસક પ્રાણીઓને રેવન્યુ વિસ્તારમાંથી ગીરના જંગલમાં મુકવા અને આવા હુમલા અટકાવવા તાકિદે પગલા ભરવા રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ રાજયના વન મંત્રી મુળુભાઈ બેરાને ગુજરાત ભાજપ કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રી હિરેન હિરપરાએ રજુઆત કરી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં ગૌવંશની હત્યા કરી

ગટરમાં નાખી જાહેરમાં ઉપદ્રવ ફેલાવતા હોય જે અંગે પોલીસ કાર્યવાહી દરમ્યાન ગૌ–વંશ વાછરડાનું માંસ આશરે ૪૦ કિલો કિમત રૂપિયા ૮,૦૦૦ તથા બે લોખડના કોયતા કિમત રૂપિયા ૪૦ તથા એક સરખી લંબાઈની બે છરી કિ.રૂા.૨૦ તથા એક લાકડાના હાથામાં ફિટ કરેલ છરી,એક માંસ કાપવા લાકડાનો ગોળ ઢેખો, લોખંડનો ત્રાજવા સાથેનો કાંટો તથા ત્રાજવા (પલડા), એક લંબચોરસ ત્રાજવું છાબડા બે અલગ–અલગ વજનીયા જેમા એક ૨૦ કિગ્રાનું તથા એક ૧૦ કિગ્રાનું તેમજ એક સફેદ કલરનો ખુલો બોલેરો પીક – અપ કિ. રૂા. ૬૦,૦૦૦ની મળી કુલ કિંમત રૂપિયા ૬૮,૭૧૫ના મુદામાલ સાથે આરોપીઓ કાસીમભાઈ હાજીભાઈ સોલંકી રેઈડ દરમ્યાન હાજર મળી આવી પકડાઈ જઈ તેમજ બે આરોપી રેઈડ દરમ્યાન નાસી ગયાની ફરિયાદ નોંધાય છે.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ ઉદયન ત્રિવેદી**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **મયુરભાઈ જયંતિભાઈ દવે** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

હરિધામ સોસાયટી–૨, અમરેલી
રે. સર્વે.નં. ૩૦૭/૧૨ પૈકી ૨/પૈકી ૧ બીનખેતી પ્લોટ નં. ૩
જેના ચો.મી. ૭૨–૪૩
રજીસ્ટર્ડ બાનાખત નંબર : ૫૬૨૨/૨૦૨૩ રજી. તારીખ : ૦૧/૧૧/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ મગનલાલ નાનજીભાઈ કાબરીયા પાસેથી રજી. બાનાખત આધારે ખરીદ કરેલ છે. તેઓએ આ મિલ્કત હિતેષભાઈ મકનભાઈ મહેતા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૧૯૨૫/૨૦૨૩ તા. ૦૫/૦૪/૨૦૨૩ થી ખરીદ કરેલ છે. તેઓએ આ મિલ્કત (૧) હંસાબેન મનસુખભાઈ કાબરીયા (૨) હેતલબેન મનસુખભાઈ કાબરીયા (૩) મોનાબેન મનસુખભાઈ કાબરીયા (૪) ઉમેશભાઈ મનસુખભાઈ કાબરીયા નં. ૪ પોતે જાતે તથા નં. ૧ થી ૩ નાં કુલમુખત્યાર પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૩૯૫૮/૨૦૧૪ તા. ૨૩/૧૨/૨૦૧૪નાં રોજ ખરીદ કરેલ છે. જે અંગેનું કુલમુખત્યારનામું તા. ૧૪/૦૮/૨૦૧૪નાં રોજ આપવામાં આવેલ હતું. જે કુલમુખત્યારનામું ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૬/૧૧/૨૦૨૩
અમરેલી
ચિતલ રોડ, એરપોર્ટ સામે,
પહેલો માળ, તપોવન કોમ્પ્લેક્ષ, અમરેલી.

**ઉદયન ત્રિવેદી**
એડવોકેટ

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૩૨૬ |
| ૨ | તલ સફેદ | ૨૯૩૦ | ૩૨૩૩ |
| ૩ | કપાસ | ૧૩૫૦ | ૧૪૮૦ |
| ૪ | બાજરો | ૪૨૫ | ૫૧૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૪૧ |
| ૬ | જુવાર | ૬૦૦ | ૧૨૮૦ |
| ૭ | મકાઈ | ૫૬૧ | ૫૬૧ |
| ૮ | મગ | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૯ | મેથી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૧૦ | અડદ | ૧૯૦૧ | ૧૯૦૧ |
| ૧૧ | ચણા | ૯૦૧ | ૧૦૭૧ |
| ૧૨ | એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૩ | સોયાબીન | ૬૦૧ | ૯૫૫ |

# અમરેલીના નિર્માણાધિન સારહિ તપોવન આશ્રમ ખાતે સોઢા પરિવાર દ્વારા ગાયત્રી યજ્ઞ યોજાયો



સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત 'નિરાધાર નો આધાર' સારહિ તપોવન આશ્રમ ખાતે તેમનાં સ્વપ્ન દ્રષ્ટા–લોક સેવક મુકેશભાઈ સંઘાણીનાં સંકલ્પ અનુસાર બની રહેલા, તપોવન આશ્રમનું નિર્માણ કાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે ગાયત્રી યજ્ઞ કરવામાં આવે છે. તેમાં આજરોજ તા.૫/૧૨/૨૦૨૩ ના રોજ શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા સહ પરિવાર (ગાયત્રી યજ્ઞમાં બેસવાનો લાભ મળ્યો) અને યજ્ઞ વિધી કરી ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ અમરેલીનાં પરિજનો બીપીનભાઈ ભરાડ એ ગાયત્રી યજ્ઞ કરાવ્યો આ અવસરે લોક સેવક–સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા મુકેશભાઈ સંઘાણી, દિપકભાઈ ગોહિલ ઉપસ્થિત રહયા. સારહી પરિવાર વતી હૃદય પુર્વક આભાર માનવમાં આવેલ, તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

### બીએપીએસ સ્વામીનારાયણ મંદિર ખાતે

# અમરેલીમાં યોજાનારા અન્નકુટ મહોત્સવને લઇને તડામાર તૈયારીઓ : હરિભકતોમાં ઉત્સાહ

## બાલ–બાલીકા, યુવક, યુવતિઓ સહિત સૌ કોઇ જોડાયા



અમરેલી, તા. ૬

આગામી તા.૧૩/૧૧/૨૦૨૩ ના રોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, પ્રમુખવાટિકા, અમરેલી ખાતે મહાઅન્નકૂટ ઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભગવાનશ્રી સ્વામિનારાયણ તથા હિંદુ સનાતન ધર્મના અવતારો સમક્ષ ૧૦૦૦ જેટલી વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરવામાં આવનાર છે.

આ ઉત્સવને સફળ બનાવવા અમરેલી મંદિરના સંત નિર્દેશક પૂ. સાધુચરિતસ્વામીના માર્ગદર્શન હેઠળ સેવાના કુલ–૩૦ વિભાગો કાર્યરત કરવામાં આવેલ છે. જુદા જુદા વિભાગોમાં હરિભકતો સેવામાં જોડાયા છે.

હાલ વેકેશનની શરૂઆત થઈ રહી હોય ત્યારે વેકેશનના સમયનો સદુપયોગ કરીને બાલ–બાલીકા, યુવક–યુવતીઓ મોટી, સંખ્યામાં સેવામાં જોડાયા છે. અમરેલી શહેરની બહાર વસતા યુવકો આ મહાઅન્નકૂટની સેવા માટે આવી પહોંચ્યા છે. મંદિર પરિસરમાં હિન્દુ ધર્મના આદર્શ ભકતોના કલાત્મક ફલોટ તૈયાર કરવાની કાર્યવાહી યુવક મંડળ દ્વારા થઈ રહી છે.

આ અંગે અમરેલી શહેરના તમામ જ્ઞાતિસંગઠનોની મીટીંગ યોજી અન્નકૂટ ઉત્સવના દર્શને પધારવા માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. તદ્ઉપરાંત અમરેલી શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી વધુમાં વધુ લોકો આ મહાઅન્નકૂટ ઉત્સવના દર્શને પધારે તે માટે ડોર–ટુ–ડોર નિમંત્રણ પત્રિકા મોકલવામાં આવી રહી છે. તેમજ અમરેલી જિલ્લાના રાજકીય આગેવાનો, પદાધિકારીઓ, અધિકારી ઓ તથા શહેર શ્રેષ્ઠીઓને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ મહાઅન્નકૂટ ઉત્સવને સફળ બનાવવા પૂ.વિનયજીવન સ્વામી, પૂ.યોગવીર સ્વામી તથા પૂ.દિવ્યવિગ્રહ સ્વામી સાથે જુદાજુદા સેવા વિભાગોમાં હરિભકતો દિવસ–રાત સેવા આપી રહ્યા છે. આ મહાઅન્નકૂટમાં પધારનાર દર્શનાર્થીઓ ને કોઈ મુશ્કેલી ન પડે અને વધુમાં વધુ ધર્મપ્રેમી જનતા લાભ લઈ શકે તે માટેની જરૂરી તમામ વ્યવસ્થા કરવામાં આવી રહે છે. આમ, અમરેલી જિલ્લામાં યોજાતા આ ભવ્ય મહાઅન્નકૂટ ઉત્સવ માટે જબરો લોકજુવાળ જોવા મળી રહ્યો છે.

# ૭ નવેમ્બર : રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ

## ‘કેન્સર’ એટલે ‘કેન્સલ’ નહીં




કેન્સર નિવારણ અને વહેલી તકે તપાસ અંગે જાગૃતિ લાવવા ‘રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ’ દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાષ્ટ્રીય કેન્સર નિયંત્રણ કાર્યક્રમની શરૂઆત ૧૯૭૫માં દેશમાં કેન્સરની સારવારની સુવિધાનાં હેતુથી કરવામાં આવી હતી. ‘રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ’ પ્રખ્યાત વૈજ્ઞાનિક મેડમ કયુરીની જન્મજયંતિએ ૭ નવેમ્બરનાં રોજ ઉજવવામાં આવે છે. તમાકુ અથવા ગુટખાનાં લાંબાગાળાનાં સેવન, સિગારેટ પીવી, દારૂ પીવો, લાંબા સમય સુધી રેડિયેશનનાં સંપર્કમાં રહેવું, આનુવંશિક ખામી, શારીરિક નિષ્ક્રિયતા, નબળું પોષણ અને કેટલીકવાર મેદસ્વીપણું પણ કેન્સરનું કારણ બની શકે છે. સતત ખાંસી અને ગળું બેસી જવું, ત્વચાનાં રંગમાં ફેરફાર, વારંવાર લોહી આવવું, શરીરમાં દુખાવા થવા, સ્ટુલમાં લોહી, યુરીનમાં ફેરફાર વગેરે તેના લક્ષણો છે.

કેન્સર એ રોગોનાં જૂથનું એક સામાન્ય નામ છે, જેમાં શરીરનાં અંદરના કેટલાક કોષો અમુક કારણોસર અનિયંત્રિત બનીને વધે છે. સારવાર ન થવાથી તે આસપાસની સામાન્ય પેશીઓમાં અથવા શરીરનાં અન્ય ભાગોમાં ફેલાય છે અને તે ગંભીર બીમારી, અપંગતા અને મૃત્યુનું કારણ બની શકે છે. ભારતમાં સૌથી વધારે કેન્સરનાં કેસો પંજાબમાં જોવા મળ છે જેના કારણે ત્યાં ‘કેન્સર ટ્રેન’ પણ ચલાવવામાં આવે છે. આ પાછળનું કારણે જમીન અને પાણીનું સતત થતું પ્રદુષણ છે. આ ઉપરાંત તમાકુમાં મળી આવતું નિકોટીન, જંક ફૂડમાં રહેલા પ્રિઝર્વેટિવ્સ, જંતુનાશકો અને અન્ય હાનિકારક ઘટકો, આર્સેનિક, બેન્ઝિન, એસ્બેસ્ટોસ અને જેવા પર્યાવરણીય ઝેરી પદાર્થો, માંસાહાર જેવા પદાર્થો કેન્સરનાં જોખમો વધારે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શકયતા રહે છે. બ્લડ–પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી ! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોકટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે, નીરોગી રહેવા માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે તે પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન–વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યકિતને પાચન–સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. કેન્સરને મટાડવા માટે ‘પંચગવ્યચિકિત્સા’ને પણ ઉપયોગમાં લેવામાં આવે છે. ગાયનાં ગૌમૂત્રનાં ઉપયોગથી કેન્સર મટયાનાં ઘણા દાખલા છે. ભારતનાં પ્રાચીન ઈતિહાસ પર નજર કરીએ તો ઋષિમુનીઓ પણ શાકાહાર કરવાની તેમજ શરીરને સ્વસ્થ રાખવા માટે આયુર્વેદને અનુસરવા જણાવ્યું છે. ‘આયુર્વેદ’ ભારતની સંસ્કૃતિ છે. આજે સમગ્ર વિશ્વએ આયુર્વેદનો સ્વીકાર કર્યો છે. ચરક ઋષિનું ‘ચરક સંહિતા’ અને સુશ્રુત ઋષિનું ‘સુશ્રુત સંહિતા’ ભારતનાં આયુર્વેદિક વારસાનાં મહત્વનાં ઉદાહરણો છે. કેન્સર એ ચેપી રોગ નથી માટે તેનાથી ગભરાવવું ન જોઈએ. સ્વસ્થ જીવનશૈલીને અનુસરવાથી આવા હાનિકારક રોગોથી બચી શકાય છે.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)


# લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા ફટાકડાનાં ત્રણ સ્ટોલ વેચાણ માટે ખુલ્લા મુકાયા



અમરેલી, તા.૬

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા શહેરમાં ત્રણ સ્થળોઓ (૧) લાઠી રોડ, રેલ્વે ફાટક પાસે, (૨) આઈસીઆઈસીઆ બેંક મોટા બસ સ્ટેશન પાસે (૩) ભીડભંજન મહાદેવ મંદિર પાસે, નાના બસ સ્ટેશન નજીક ફટાકડા વેચાણના ત્રણ સ્ટોલ ખુલ્લા મુકવામાં આવ્યા હતા. તા.૪/૧૧ થી ૧૩/૧૧ સુધી વંચાણ કરવામાં આવનાર છે. આ પ્રવૃતિ થતી જે આવક સેવાકીય પ્રવૃતિમાં વપરાવવાની હોય અત્રેથી ફટાકડા ખરીદવા શહેરીજનો અને ગ્રામ્યજનોને અનુરોધ છે. ઉદઘાટન લા.પુર્વગવર્નર વસંતભાઈ મોવલીયા, પ્રમુખ કૌશિક હપાણી, લા.કાંતિભાઈ વઘાસીયા, લા.દિનેશભાઈ ભુવા, રજનીકાંત ધોરાજીયા ખાસ ઉપસ્થિત રહેલ કરેલ તેમજ રાજુભાઈ પરિખ, નનુભાઈ તળાવીયા, ગોરધનભાઈ માલવીયા, જતીન સુખડીયા, ઘનશ્યામ હપાણી, ડો.કૌશિક ભુવા, હર્ષદ વઘાસીયા, ભીખુભાઈ કાબરીયા, શિવલાલ હપાણી, રાજેશ ઝાલવાડીયા, રાજેશ વિઠ્ઠલાણી, લાયન કિશોરભાઈ શિરોયા, દિવ્યેશ વેકરીયા, એમ.એમ.પટેલ તેમજ ઝોન ચેરમેન નિલેશભાઈ ઠુમ્મર તેમજ અન્ય સમજ અગ્રણીઓ ઉપસ્થિત રહેલ તેમ કલબ વતી લાયન્સ રાજભુાઈ પરિખ જણાવેલ છે.

# રાજુલા : શ્રી નાઘેરા આહીર એજયુકેશન સમિતિ દ્વારા આમંત્રણ પત્રિકા વિતરણ મીટીંગ યોજાઈ


તસ્વીર : વાઘ સુમરા–કોવાયા

રાજુલા, તા.૬

રાજુલા નાઘેરા આહીર એજયુકેશન સમિતિ દ્વારા આગામી તા.૧૬/૧૧/૨૦૨૩ના રોજ રામપરા ૨ ગામે યોજનાર, 'તેજસ્વી વિદ્યાર્થી તથા વ્યકિત વિશેષ' દ્વિતિય સન્માન સમારંભ માટે આમંત્રણ પત્રિકા વિતરણ માટે એજયુકેશન સમિતિનાં સભ્યોની એક મીટીંગનું આયોજન આહીર સમાજ વાડી, રાજુલા ખાતે કરવામાં આવેલ હતું. આ મીટીંગમાં આહીર સમાજનાં દરેક ગામમાંથી યુવાનોએ હાજરી આપી હતી અને પોતાનાં ગામમાં પત્રિકાનું વિતરણ કરવાની જવાબદારી સહર્ષ સ્વિકારી હતી. વર્ષ ૨૦૨૩ માટે આ સમાન્ય આયોજન તા. ૧૬/૧૧/૨૦૨૩ના રોજ વૃંદાવન બાગ, રામપરા–૨ ખાતે થવાનું છે. જેમાં ૧૮૦ વિદ્યાર્થીઓ, આ વર્ષે નિમણુંક પામેલ ૧૫ સરકારી કર્મચારીઓ, વિદેશ ગમન કરેલ ૮ વિદ્યાર્થીઓ તેમજ સરકારી નોકરીમાંથી વય નિવૃત થયેલ સમાજનાં ૮ વડીલોનું સન્માન કરવામાં આવશે તેમ એજયુકેશન સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું છે.આ સન્માન સમારંભમાં ભોજન સમારંભ અને મંડપના દાતા તરીકે જીકારભાઈ ભગવાનભાઈ વાઘ (યાદવ) તથા જીકારભાઈ બીલજભાઈ વાઘ (શ્રીજી), શિલ્ડનાં દાતા તરીકે લખમણભાઈ ભાણાભાઈ વાઘ, પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને વિશિષ્ટ સન્માન માટે ઈનામના દાતા તરીકે નકાભાઈ બાઘાભાઈ વાઘ, આમંત્રણ પત્રિકાનાં દાતા તરીકે અરજણભાઈ ખીમાભાઈ વાઘ તેમજ બેનર અને ફોટોગ્રાફીનાં દાતા તરીકે કે.જી.સ્ટુડીયો, રાજુલા દ્વારા આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે.

### ગીર પુર્વ વન વિભાગ હેઠળની પ્રવાસન રેંજ

# ચિખલકુબા પ્રકૃતિ શિક્ષણ કેન્દ્ર ખાતે પ્રકૃતિ શિક્ષણમાં ૫૦ પ્રશિક્ષકો જોડાયા

## નાયબ વન સરંક્ષક અને મદદનીશ વન સંરક્ષક દ્વારા આયોજન


તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી

ધારી, તા.૬

ગીર પુર્વ વન વિભાગ હેઠળની પ્રવાસન રેંજમાં ચિખલકુબા પ્રકૃતિ શિક્ષણ કેન્દ્ર ખાતે નાયબ વન સરંક્ષક રાજદીપસિંહ ઝાલા અને મદદનીશ વન સંરક્ષક મનીષભાઈ ઓડેદરાનાં માર્ગદર્શન મુજબ પ્રવાસન રેંજનાં રેંજ ફોરેસ્ટ ઓફીસર શૈલેષભાઈ ત્રિવેદીનાં પ્રયત્નોથી પ્રકૃતિ શિક્ષણનું કાર્ય કરતા ૫૦ જેટલા પ્રશિક્ષકોની શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં જિલ્લા વાઈલ્ડ વોર્ડન મહાવીર બાપુ, રે.ફો.ઓ. હડાળા, જસાધાર, મો.સ્કવોડ અને અજીતસિંહ ગોહિલ હાજર રહયા હતા.

આ કાર્યક્રમમાં પ્રકૃતિ શિક્ષણની સાપ્રંત સમયમાં જરૂરીયાત અને અસરકારકતા વિશે સંવાદ કરવામાં આવેલ હતો. તેમાં તજજ્ઞો દ્વારા પ્રકૃતિ શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ, નાના જીવજંતુઓની ઉપયોગીતા અને અનુભવો વિશે માહિતી આપવામાં આવી હતી. બપોર બાદ જંગલ ભ્રમણ અને રાત્રિનાં સમયે આકાશદર્શન, મોથ આઈડેન્ટિફીકેશન અને કેમ્પ ફાયર જેવા કાર્યક્રમો રાખવામાં આવેલ હતા. અને સફળતાપુર્વક સમાપન કરવામાં આવેલ.

# અમરેલીમાં વ્યાસ પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનું આયોજન



અમરેલી, તા.૬

અમરેલીમાં વ્યાસ પરિવાર દ્વારા સવ પિતૃ મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું કારતક સુદ– ૪ ને શુક્રવાર તા.૧૭ થી કારતક સુદ–૧૦ ને ગુરૂવાર તા. ૨૩–૧૧ સુધી ‘દતકૃપા’, કે. કે. પાક સોસાયટી, લાઠી રોડ, અમરેલી ખાતે આયોજન કરેલ છે. આ કથાની વ્યાસ પીઠ પર શાસ્ત્રી કેયુરભાઈ જોષી અમરેલીવાળા બિરાજી કથાનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવશે. તા. ૧૭ના રોજ બપોરે ૨:૩૦ કલાકે પોથીયાત્રા બાદ કથાનો પ્રારંભ થશે.

કથા દરમિયાન તા. ૧૮ કપીલ નારાયણ પ્રાગટય, રાત્રે ૯:૦૦ કલાકે સુંદરકાંડ પાઠ, તા. ૧૯ નૃસિંહ જન્મ, તા. ૨૦ વામન પ્રાગટ્ય, શ્રી રામ જન્મોત્સવ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ નંદ મહોત્સવ, તા. ૨૧ ગૌવર્ધન ઉત્સવ પુજા, તા. ૨૨ રૂક્ષ્મણી વિવાહ સહિતના પાવન પ્રસંગો ધામધુમથી ઉજવાશે.

તા. ૨૩ના રોજ બપોરે કથાનો વિરામ થશે. કથાનો સમય સવારે ૯:૦૦ થી ૧૨:૩૦, બપોરે ૩:૩૦ થી ૬:૩૦ રહેશે. કથાનો સર્વ ધર્મપ્રેમીઓએ લાભ લેવા રાજેશભાઈ વ્રજલાલ વ્યાસ (જેટકો ૬૬ કે.વી. – ચિતલ) તથા મહાવિર ઈલેકટ્રીક સ્ટોર–લાયબ્રેરી રોડની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી જિલ્લા NSUI ની કારોબારી બેઠક મળી



અમરેલી, તા. ૬

ગુજરાત પ્રદેશ એનએસયુઆઈના પ્રમુખ નરેન્દ્રસિંહ સોલંકી તેમજ ગુજરાત એનએસયુઆઈના ઉપપ્રમુખ કેતનભાઈ ખુમાણનાં અધ્યક્ષ સ્થાને કારોબારી બેઠક યોજાઈ હતી.

જેમાં સંગઠનાત્મક ચર્ચા કરવામાં આવી હતી તથા આવનાર સમયમાં વિદ્યાર્થીના પ્રશ્નોનાં નિરાકરણ માટેનાં કાર્યક્રમો અને રચનાત્મક કાર્યક્રમનાં આયોજન વિદ્યાર્થીનો અવાજ એનએસયુઆઈ બનશે તેવા કાર્યક્રમોનાં આયોજન માટે આ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં અમરેલી જિલ્લા એનએસયુઆઈનાં પ્રભારી અંકીતભાઈ સોંદરવા અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષભાઈ ભંડેરી અમરેલી જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ સાહિલભાઈ શેખ દર્ષકભાઈ મકવાણા તથા એનએસયુઆઈના હોદેદારો કાર્યકરો અને વિદ્યાર્થી । જોડાયા હતા.

### તાલુકા કોંગ્રેસનાં અનુ.જાતિ વિભાગનાં ચેરમેને કરી રજુઆત

# અમરેલી જિલ્લામાં ફરજ પર હાજર થયેલ જ્ઞાન સહાયકોને અન્ય પરીક્ષા માટે રજા મંજુર કરવા માંગ

## મજબુરી વશ જ્ઞાન સહાયકની જવાબદારી સ્વીકારવા તૈયાર થયેલ ને અન્યાય ન કરો

અમરેલી, તા.૬

અમરેલી તાલુકા કોંગ્રેસ અનુ.જાતિ વિભાગનાં ચેરમેન જે.બી. મકવાણાએ શિક્ષણમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે,હાલમાં જ ગુજરાત વિરોધ માધ્યમિક તથા પ્રાથમિક શિક્ષણ વિભાગમાં જ્ઞાન સહાયકોની ભરતી કરવામાં આવી છે. પુરતી લાયકાત, વર્ષોની મહેનત બાદ ટેટ, ટાટમાં સારા ગુણ મેળવનારને કરાર આધારીત નોકરી પર ભરતી કરી તેમની સાથે અન્યાય કરવામાં આવ્યો છે. તેવી લાગણી અનુભવી રહેલા યુવાનો હાલ ગુજરાતમાં આંદોલન કરી વિરોધ નોંધાવી રહયા છે.

ભારે વિરોધ વચ્ચે પણ જરૂરીયાત અને બેરોજગારી પીસાઈ રહેલા અનેક ભાઈઓ બહેનોએ મજબુરી વશ આ જ્ઞાન સહાયકની કરાર આધારીત નોકરી સ્વીકારી છે. અને શાળ ા પસંદગી કરી શાળામાં હાજર પણ થયા છે. પરંતુ આ ભાઈઓ બહેનોને ભવિષ્યમાં અન્ય સારી નોકરીની તક મળે તે માટે સાથે સાથે બાહય ઉમેદવાર તરીકે અભ્યાસ પણ કરતા હોય છે. હાલ સૌરાષ્ટ્ર યુની. તથા અન્ય યુનિવર્સીટીના વિવિધ બાહય અભ્યાસક્રમોની પરિક્ષાઓ શરૂ છે તથા આવનારા દિવસોમાં પણ પરીક્ષાઓ આવનાર હોય જેમાં જ્ઞાન સહાયક તરીકે પસંદગી પામેલ ભાઈઓ બહેનો બાહ્ય ઉમેદવાર તરીકે પરીક્ષા આપવા માંગતા હોય છે. પરંતુ અમરેલી જિલ્લામાં એવું ધ્યાને આવેલ છે. કે માધ્યમિક વિભાગમાં જ્ઞાન સહાયક તરીકે હાજર થનાર ભાઈઓ બહેનોને બાહય ઉમેદવાર તરીકે પરીક્ષા આપવા રજા આપવામાં આવતી નથી.

સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા સરકારી કર્મચારીઓ પણ બાહય ઉમેદવાર તરીકે અભ્યાસ કરી નોકરીમાં રજા મુકી પરીક્ષા આપતા હોય છે જયારે જ્ઞાન સહાયક તો કરાર આધારીત નોકરી હોય યુવાનોને ભવિષ્યમાં સારી અને કાયમી નોકરી માટે અભ્યાસ જરૂરી હોય તો તેમને બાહય પરીક્ષા આપવા માટે રજા ના આપવી એ આવા ભાઈઓ બહેનો સાથે અન્યાય થતો હોય તેવું લાગી રહયો છે. તો હાલમાં જ્ઞાન સહાયક તરીકે કરાર આધારીત નોકરી પર લાગેલા ભાઈઓ બહેનોને બાહય ઉમેદવાર તરીકે અભ્યાસ કરતા હોય તેની પરીક્ષા આપવા માટે રજા આપવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

### સુરત, સાપુતારા, અંજતા ઈલોરા સહિતનો

# બાબરાનાં વી.એલ. ગેલાણી વિદ્યાલય દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો

## વિદ્યાર્થીઓએ મુલાકાત કરી માહિતી મેળવી


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૬

બાબરામાં વી.એલ. ગેલાણી વિદ્યાભવનમાં શિયાળુ શૈક્ષણિક પ્રવાસનું આયોજન વિદ્યાલયના મુખ્ય ટ્રસ્ટી કાળુભાઈ ગેલાણી માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું

જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. શાળાનો આ શૈક્ષણિક પ્રવાસ સુરત, સાપુતારા, નાસિક, શનિદેવ, શિરડી, દોલતાબાદ, અજતાં ઈલોરા સહિતના પ્રાચીન, ધાર્મિક અને ઐતિહાસિક સ્થળની મુલાકાત વિદ્યાર્થીઓ દ્વારા કરી પૂરતી માહિતી મેળવી હતી.

સમગ્ર પ્રવાસમાં વિદ્યાર્થીનું પૂરતું ધ્યાન અને માર્ગદર્શન માટે શાળાના આચાર્ય અને શિક્ષક સ્ટાફ પણ પ્રવાસમાં જોડાયો છે.

### જિલ્લા કાનુની સેવાસતા મંડળનાં ચેરમેનના અધ્યક્ષ સ્થાને

# અમરેલી જિલ્લાની તમામ કોર્ટમાં આગામી ૯ ડિસેમ્બરનાં રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

## લોક અદાલત એટલે ‘નાં કોઈનો વિજય ના કોઈનો પરાજય’

અમરેલી, તા. ૬

અમરેલી તા.૯ મી ડીસેમ્બર–૨૦૨૩ને શનિવારના રોજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ , અમરેલીનાં ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ એમ.જે.પરાશર,ના અધ્યક્ષ સ્થાને જિલ્લા અદાલત અમરેલી તેમજ જિલ્લાનાં દરેક તાલકુાની કોર્ટોમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ લોક અદાલતનો લાભ મહતમ પક્ષકારો લઈ શકે તે માટે ગુજરાત રાજયનાં મુખ્ય ન્યાયમુર્તિ અને ગુજરાત રાજય કાનૂની સેવા સતા મંડળનાં મુખ્ય સંરક્ષક જસ્ટિસ શ્રીમતિ સુનિતા અગરવાલ તથા ગુજરાત રાજય કાનૂની સેવા સતા મંડળનાં કારોબારી અધ્યક્ષ જસ્ટિસ એન.વી.અંજારિયા દ્વારા તમામ કાનૂની સેવા સતા મંડળ તથા કાનૂની સેવા સમિતિને જરૂરી માર્ગદર્શન આપેલ છે.આ લોક અદાલતમાં રાજયનાં કોઈપણ જિલ્લા, તાલુકા, ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટમાં પડતર કેસ કે જેમાં મોટર અકસ્માતનાં વળતરનાં કેસ, દીવાની દાવા, ચેક પરતને લાવતા કેસો, જમીન સંપાદનને લગતા કેસ, કામદાર તથા માલિકને લગતી તકરાર, માત્ર દંડથી શિક્ષાપાત્ર કેસો તથા તમામ પ્રકારનાં સમાધાન લાયક કેસો સમાધાન માટે મુકી શકાય છે.આ અવસરનો લાભ લેવા નજીકની તાલુકા કે જિલ્લા કે હાઈકોર્ટમાં કાનૂની સેવા સતા મંડળની ઓફિસનો સંપર્ક કરવો અથવા ટોલ ફી નંબર ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવો અથવા રાજય કાનુની સેવા સતા મંડળની વેબસાઈટનો સંપર્ક કરવો. લોક અદાલત એટલે લોકોની અદાલત ના કોઈનો વિજયના કોઈનો પરાજય.

### સાવરકુંડલામાં ચેન્નઈથી આવીને કર્યુ કારસ્તાન

# ડોક્ટરો, વકીલો, પોલીસ સ્ટાફ, પીજીવીસીએલ સ્ટાફ, શોરૂમ માલિક સહિત અનેક માલેતુજારો પણ મુંડાણા

## મદ્રાસી ટોળકી ભલભલાને શીશામાં ઉતારી ભૂગર્ભમાં ઉતરી ગઈ

**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૬

૧૬૫ ગ્રાહકોએ ખુમાણની ઓફિસે અને એટલી જ સંખ્યામાં રોકડ રીસીપ્ટ ટાઉન પોલીસમાં આજની તારીખ સુધીમાં જમા કરાવી છે. કુલ બંને સાથે મળીને જોઈએ તો આંકડો અત્યારે ૨૧ લાખ સુધી પહોંચ્યો છે, પરંતુ વિસપાત્ર વર્તુળોમાં જાણવા મળ્યું છે કે, આ મદ્રાસીઓએ સાવરકુંડલાના ભલભલા માલેતુજારોને કોણીએ ગોળ લગાડી ભાગી ગયા છે. હવે આ તમામ જાણીતા ચહેરાઓની હાલત એવી થઈ છે કે, 'ચોરની માં કોઠીમાં મોં ઘાલીને રૂએ' કહેવાય નહીંને સહેવાય નહીં...!! સૌથી મોટી રકમનો આંકડો તો આ ધનિક પરિવારોનો જ છે. સાવરકુંડલાના એક તબીબે પોતાની હોસ્પિટલમાં દરેક રૂમમાં એસી ફીટ કરવા ૧૦ એસીની રકમ ભરી દીધી હતી. અડધી કિંમતમાં એસી મળતા હોય તો શું કામ સાદા રૂમ રાખવા..! આ સિવાય સાવરકુંડલાનાં મોટા મોટા ફર્નિચર અને ઈલેકટ્રોનિકસ આઈટમનાં નામાંકિત શોરૂમના માલિકોએ આગોતરી બુદ્ધિ એવી દોડાવી કે, અત્યારે આપણે ૫૦% માં માલ મળે છે તો સ્ટોક કરી લઈએ છ મહિના પછી ડબલ ભાવે વેચીશું. આવા ઘણા વેપારીઓ ચારથી પાંચ લાખના જુદી જુદી વસ્તુઓના ઓર્ડરની રકમ રોકડે અગાઉ ભરી ચૂકયા છે.

અનુસંધાન પાના ૬ ઉપર

### પતિ અને પત્ની વચ્ચે થતી માથાકુટ ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે

# વડિયાના મેઘાપીપરીયા અને ધારીના ધારગણી ગામે પત્ની સાથે બોલાચાલી થતા પતિએ આત્મહત્યા કરી

## એકને પત્નીએ દારૂ પીવાની ના પાડી અને બીજામાં સામાન્ય બોલાચાલી થતા પતિએ ઝેર પી લીધું

અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લામાં માનવીની સહનશકિતના અભાવે આપઘાતની વધુ બે ઘટનાઓ સામે આવી છે જેમાં વડીયા તાલુકાના મેઘાપીપરીયા ગામે એક યુવાનને તેમની પત્ની સાથે બોલાચાલી થતા આત્મહત્યા કરી લીધી હતી. જયારે ધારી તાલુકાના ધારગણી ગામે એક આધેડે ઝેરી પાવડર પીને આત્મહત્યા કરી લીધો હતો.

પ્રાપ્ત વિગત મુજબ આપઘાતની પ્રથમ ઘટનામાં વડીયા તાલકુાના મેઘા પીપળીયા ગામના રણજીતપરી બળદેવપરી ગોસાઈ (ઉ.વ. ૨૬) ને તેની પત્ની શ્રયાબેન વચ્ચે ફરવા જવા બાબતે બોલાચાલી થતા રણજીતપરીએ ઝેરી દવા ગટગટાવી લેતા તેમનું સારવાર દરમિયાન મોત થયું હતુ.

તેમજ બીજી ઘટનામાં ધારી તાલુકાના ધારગણી ગામે રહેતા જયસુખભાઈ મનુભાઈ ચૌહાણ (ઉ.વ.૫૦) ને દારૂ પીવાની ટેવ હોય આ બાબતે તેમની પત્ની લક્ષ્મીબેને તેને દારૂ પીવાની અવાર નવાર ના પાડતા જે સારૂ નહી લાગતા જયસુખભાઈએ ઘઉંમાં નાખવાનો પાઉડર પી જતા સારવાર દરમિયાન મોત થયું હતુ. આ બંને અલગ અલગ ઘટનાને લઈને પોલીસે તપાસ હાથ ધરી હતી.

### ત્રણ વ્યકિતઓએ આર્થિક ફાયદો મેળવવા માટે

# અમરેલીમાં ગૌવંશની હત્યા કરી લોહી અને અન્ય કચરો પાલિકાની ગટરમાં ફેંકયો

## સ્થાનિક પોલીસે એક આરોપીની અટકાયત કરી

અમરેલી, તા. ૬

અમરેલીમાં રહેતા કાસીમભાઈ હાજીભાઈ સોલંકી, અક્રમભાઈ હાજીભાઈ સોલંકી તથા સતારભાઈ ઈસ્માઈલભાઈ સોલંકી નામના ત્રણેય આરોપીઓએ 'ગાય' એ હિન્દુ ધર્મનું પવિત્ર પ્રતિક માનવામાં આવતી હોવાનું જાણવા છતા પોતાના કુટુંબના પરીવારના આર્થીક ફાયદા મેળવવાના ઈરાદે ગૌવંશ કાપી લોહી તથા અન્ય કચરો નગરપાલિકાની

અનુસંધાન પાના ૬ ઉપર

### એક વર્ષ પહેલા પ્રેમી સાથે લગ્ન પણ ખાનગીમાં કરી લીધા ને બાદમાં માથાકૂટ શરૂ થઈ

# અરેરાટી : અમરેલીનાં ગજેરા સંકુલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ પ્રેમીની હેવાનિયતથી કંટાળી આત્મહત્યા કરી લીધી

## મૃતક વિદ્યાર્થીનીએ આત્મહત્યા કર્યા પહેલા લખેલ ચિઠ્ઠી મળી આવી

અમરેલી, તા. ૬

અમરેલીની સૌથી મોટી શૈક્ષણિક સંસ્થા શાંતાબેન હરિભાઈ ગજેરા સંકુલમાં છેલ્લા પાંચેક વર્ષથી અભ્યાસ કરતી અને હાલ બીએસસી માઈક્રોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ તેણીના પ્રેમીની હેવાનિયતથી ત્રાસી જઈ શનિવારે સાંજના સમયે બાયપાસ રોડ ઉપર આવેલ એલ.ડી. હોટસ્ટેલ ખાતે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાની ઘટનાથી ભારે ચકચાર મચી ગઈ હતી. વિદ્યાર્થીનીએ આપઘાત કરતા પહેલા લખેલ સ્યુસાઈટ નોટમાં તેણીના પ્રેમીએ ખરાબ ફોટા વાયરલ કરવા તેમજ તેણીના શરીરે ડામ આપી માનસિક ત્રાસ આપતા પ્રેમીની હેવાનિયત સહન ન થતાં આખરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું સ્યુસાઈટમાં જણાવેલ હતું. આ ઘટના અંગે પોતાની પૌત્રીને મરવા મજબૂર કર્યાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાયેલ છે.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલી શહેરમાં આવેલ ગજેરા શૈક્ષણિક સંકુલમાં છેલ્લા પાંચ વર્ષથી હોસ્ટેલમાં રહી બીએસસી માઈક્રોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની અર્ચના મેહુલભાઈ તલસાણીયા ઉર્ફે અપ્પુ રે. બોટાદવાળી વિદ્યાર્થીનીને આકાશ મંજીભાઈ શિહોરા રહે. બોટાદ નામનાં



યુવક સાથે પ્રેમ સંબધ હતો. તે વિકૃત માનસ અને હેવાનિયતખોર આકાશ પોતાની પ્રેમિકા અર્ચનાને ખરાબ ફોટા વાયરલ કરવાની ધમકી આપી શરીરે ડામ દેવડાવી માનસિક અને શારીરિક ત્રાસ આપતો હતો. આટલેથી પણ નહિ અટકતા પોતાની પ્રેમિકા અર્ચનાના ગુપ્ત ભાગ ઉપર ડામ દેવાનું કહેતો હતો. આવી વિકૃત હેવાનિયતથી ત્રાસી ગયેલ અર્ચનાએ આખરે ગત શનિવારે સાંજે લક્ષ્મી ડાયમંડ હોસ્ટેલનાં ત્રીજા માળે ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધેલ હતી.

મૃતક અર્ચનાએ સુસાઈડ નોટ લખેલ હતી જેમાં જણાવેલ હતું કે, મારી જીંદગીથી કંટાળી ગઈ છું અને જીંદગીથી કંટાળીને આ પગલું ભર્યુ છે. અત્યાર સુધી મેં ખૂબ જ સહન કર્યુ હવે મારાથી સહન થતું નથી. વધુમાં તેણીએ લખ્યુ હતું કે, "સોરી બા, બાપુજી, પપ્પા તમારાથી મેં એક વાત છુપાવી હતી. આકાશ સિહોરા સાથે હું વાત કરતી હતી મારા શરીરમાં કેટલા ડામ છે તે મને ખુદને પણ ખબર નથી પર્સનલ જગ્યાએ ડામ દેવાનું કહે છે, તુ ડામ દે નકકર તારા ખરાબ ફોટા વાયરલ કરી દઈશ અને કપડા ફાટી નાખી અને ડામ દેવરાવે અને મરચું નાખે તેમ સ્યુસાઈટ નોટમાં ઉલ્લેખ કરી આત્મહત્યા કરી લીધી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં આકાશ મંજીભાઈ શિહોરા સામે મૃતકના દાદા સવાઈલાલ નાનજીભાઈ તલસાણીયાએ ફરિયાદ નોંધાવતા અમરેલી તાલુકા પોલીસનાં ઈન્ચા. પોલીસ ઈન્સ્પેકટર પી.બી. લકકડે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### સ્થાનિક કક્ષાએ શિક્ષણ ક્ષેત્રમાં માહોલ ખરાબ હોય

# બગસરા પંથકમાં શિક્ષકે કરેલ આત્મહત્યાનાં બનાવની તટસ્થ તપાસ થાય તેવી માંગ થઈ

## એક રાજકીય આગેવાનની દખલગીરી બંધ થવી જરૂરી

અમરેલી, તા. ૬

બગસરાનાં એક જાગૃત નાગરિકે "અમરેલી એકસપ્રેસ" કાર્યાલય પર પત્ર પાઠવીને સ્થાનિક કક્ષાએ શિક્ષણ ક્ષેત્રમાં એક રાજકીય અગ્રણીની જોહુકમીનાં કારણે અનેક પરેશાની ઉભી થઈ હોય શિક્ષણ જેવા પવિત્ર કાર્યનાં હિતમાં અહેવાલ પ્રસિધ્ધ કરવા અનુરોધ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બગસરા તાલુકાનાં દલિત શિક્ષકની આત્મહત્યા... હજુ બીજી દુર્ઘટના ના બને તે માટે તંત્ર જાગશે ખરૂં ?

આ ઘટનાના પડદા પાછળ ના ગુનેગારોને ગોતવા જરૂરી છે. બગસરા તાલુકામાં છેલ્લા છ મહિનાથી શિક્ષક સમાજમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સત્તાધારી પક્ષનાં એક આગેવાનો તાલુકામાં સર્વે સર્વા હોય અને પોતાનું જે ધાર્યુ કરતા હોય એવું એમનુ વર્તન છે. કોઈ પણ શિક્ષકને બોલાવી ગાળુ દેવી, ખોટા આક્ષેપો કરવા, નિષ્ઠાવાન શિક્ષકોના મોરલ તોડવા જેવી ઘટનાઓ હવે બગસરા તાલુકામાં નોર્મલ થઈ ગઈ છે.

લોકશાહી પ્રણાલીથી ચાલતી શિક્ષકોની સંસ્થાઓ જેવી કે, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ, તાલુકા શિક્ષકોની સહકારી મંડળી વગેરે સંસ્થાઓમાં લોકશાહી ઢબે ચૂંટાયેલા શિક્ષક, હોદેદારોને ધાક ધમકી આપી રાજીનામા આપવાની ફરજ પાડી.. રાજીનામા લઈને... પોતાના માનીતા એવા બીજા શિક્ષકોને આ હોદા પર ગોઠવી દીધા છે.

તેમજ બગસરા તાલુકાનાં ટીપીઈઓ, કેની શિક્ષણ વગેરે હોદા પર કોઈ પણ પ્રકારની લાયકાત જોયા વગર પોતાના જાણીતા હોય એવા શિક્ષકોને ગોઠવી દીધા છે અને આ માનીતા હોદેદારો પણ એક જાતનો ફાકો લઈ ગભરૂ શિક્ષકોને દબાવી રહ્યા છે. અમુક પ્રકારનાં ખોટા કામમાં શાળાએ શાળાએ જઈ શિક્ષકો પાસે

અનુસંધાન પાના ૬ ઉપર

### સમગ પંથકનાં ખેડૂતોને નોંધ લેવા જણાવાયું

# અમરેલી માર્કેટયાર્ડમાં આગામી ૧૧ નવેમ્બરથી ૧૭ નવેમ્બર સુધી દિવાળીને`લઈને કામકાજ બંધ રહેશે

## લાભ પાંચમ ૧૮ નવેમ્બરથી રાબેતા મુજબ કામકાજ શરૂ

અમરેલી, તા. ૬

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલી દ્વારા આગામી દિવળી પર્વ નિમિતે તા. ૧૧/૧૧/૨૦૨૩ ને શનિવાર થી તા. ૧૭/૧૧/૨૦૨૩ ને શુક્રવાર સુધી રજા જાહેર કરવામાં આવે છે. જે દરમ્યાન અમરેલી માર્કેટયાર્ડનું તમામ કામકાજ બંધ રહેશે.


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)